**સુવિચાર**
સફળતા એમાં નથી કે કદી ભૂલ જ ન થાય. પરંતુ સફળતા તો એમાં છે કે એકની એક ભૂલ બીજીવાર ન થાય.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૯/૧૨/૨૦૨૩, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૮૦ માગસર વદ-૩ વર્ષ : ૧૫ અંક : ૦૧૬

## સાવરકુંડલા-અમરેલી વચ્ચે નેશનલ હાઈવે માટે જમીન સંપાદનની કામગીરી શરૂ હોય

# ખેતીની જમીનને બિનખેતીમાં ફેરવવાનું ષડયંત્ર રચાયું ?

**જિલ્લાનાં એક મહત્વનાં પદાધિકારી, અમુક મહેસુલી અધિકારી અને અમીર વ્યકિતઓ વચ્ચે સાંઠગાંઠનો થયો આક્ષેપ**

**હાઈવે નિર્માણ માટે જમીન સંપાદન થવાની હોવાથી ઊંચુ વળતર મેળવવા માટે કારસ્તાન કરાયાનો પણ આક્ષેપ**

**જે જમીન રાતોરાત બિનખેતી કરવામાં આવી તેનાં સર્વે નંબર અને ગામનાં નામજોગ તપાસની માંગ**

**આરટીઆઈ એકટીવીસ્ટ નાથાલાલ સુખડીયાએ પ્રધાનમંત્રી કાર્યાલયમાં પત્ર પાઠવ્યો**

અમરેલી, તા. ૨૮

અમરેલી જિલ્લામાં સ્ટેટ માર્ગ-મકાન વિભાગ એટલે ભ્રષ્ટાચારનો ભોરિંગ અને વર્ષોથી ટકાવારીનાં કારણે સરકારી માર્ગો અને મકાનો બનાવવામાં ગેરરીતિ થઈ રહી છે અને સામાન્ય પગારદાર અધિકારીઓ ભ્રષ્ટાચાર કરીને કરોડપતિ બની ચુકયા છે અને હજુ પણ કરોડપતિ બનવાની હોડ લાગી છે.

દરમિયાનમાં હવે નેશનલ હાઈવે ઓથોરીટી પણ મેદાનમાં આવી હોય તેવું લાગે છે. સાવરકુંડલા-અમરેલી વચ્ચે મહુવા-જેતપુર સુધીનાં નેશનલ હાઈવેનું નિર્માણ કાર્ય શરૂ થવાનું હોય જેને લઈને જમીન સંપાદનની કામગીરી શરૂ થઈ છે અને સરકાર તરફથી ખેતીની જમીન કરતાં બિનખેતીની જમીન માટે વધારે રકમ ચુકવાતી હોવાથી સાવરકુંડલા-અમરેલી માર્ગ વચ્ચે હયાત માર્ગની બગલમાં આવેલ ખેતીની જમીનને યુધ્ધનાં ધોરણે બિનખેતીમાં ફેરવીને સરકારી તિજોરીને કરોડો રૂપિયાનું નુકસાન કરવા માટે જિલ્લાનાં સત્તાધારી પક્ષનાં એક મહત્વનાં પદાધિકારી, મહેસુલી અધિકારી તેમજ અન્ય લાગતા-વળગતા વિભાગનાં અધિકારીઓએ મિલીભગત રચીને મસમોટું ષડયંત્ર રચ્યું હોય આરટીઆઈ એકટીવીસ્ટ નાથાલાલ સુખડીયાએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને અધિકારીનાં હોદા અને પદાધિકારીનાં નામજોગ પત્ર પાઠવીને સરકારી નાણા હડપવાની જે કાંઈ પેરવી થઈ છે તેની તપાસ કરવા માંગ કરેલ છે.

## વન વિભાગની બેદરકારીથી રાનીપશુઓ માનવ વસાહતમાં આવી રહ્યા છે

# અરેરાટી : અમરેલીનાં તરકતળાવ ગામે પરપ્રાંતિય શ્રમિકનાં બાળકને દીપડાએ મોતને ઘાટ ઉતાર્યો

**નાના એવા ગામમાં ફફડાટનો માહોલ ફેલાયો**

અમરેલી, તા. ૨૮

અમરેલી જિલ્લામાં છાશવારે વન્ય પ્રાણીઓ દ્વારા ખેતમજૂર અથવા તો તેમના દુધાળા પશુઓ ઉપર હુમલાઓ કરી ફાડી ખાવાની ઘટના સામે આવે છે. ત્યારે અમરેલી નજીક આવેલ તરકતળાવ ગામે આજે સાંજના સમયે એક દીપડાએ પરપ્રાંતિય મજૂરના બાળક ઉપર હુમલો કરી લોહી લુહાણ કરી દઈ મોત નિપજાવી દેતા અરેરાટી ફેલાય છે. જયારે આ બનાવવાને પગલે દીપડાની દહેશતથી તરકતળાવ ગામે ભયનું વાતાવરણ ઉભું થવા પામેલ છે.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ અમરેલી નજીક આવેલ તરકતળાવ ગામની સીમમાં આજે સાંજના સમયે એક વાડી ખેતરમાં પાણી ભરવા ગયેલા એક બાળક ઉપર દીપડાએ હુમલો કરી દેતા આ બનાવમાં ઘવાયેલા બાળકને લોહી લુહાણ હાલતમાં અમરેલીના સરકારી દવાખાને ખસેડાયેલ. જયાં આ બાળકનું મોત નિપજતા ભારે અરેરાટી ફેલાય છે.

આ બનાવની જાણ વન વિભાગને કરવામાં આવતા વન વિભાગ પણ ઘટના સ્થળે દોડી ગયું હતું અને દીપડાના સગડ મેળવી આ ખુંખાર અને માનવભક્ષી દીપડાને પકડવાની કવાયત હાથ ધરી છે.

## એસપીની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

# ખાંભાનાં કોટડા ખાતેથી વિદેશી દારૂની ૨૭ બોટલ સાથે એક ઈસમની અટકાયત

**રૂપિયા ૪૧,૬૬૦નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો**

અમરેલી, તા. ૨૮

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહ તથા નાયબ પોલીસ અધિક્ષક એચ.બી. વોરાએ અમરેલી જિલ્લામાંથી પ્રોહિબીશનના વેચાણ, સંગ્રહ અને હેરફેરની પ્રવૃત્તિ કરતાં ઈસમો ઉપર વોચ ગોઠવી, તેમના ઉપર સફળ રેઈડ કરી, કડક કાર્યવાહી કરી તેમને પકડી પાડવા જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે ખાંભા પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેકટર કે.ડી. હડીયાની સુચના અને માર્ગદર્શન નીચે ખાંભા તાલુકાનાં કોટડા ગામેથી અનુભાઈ જેતુભાઈ વાળાને ભારતીય બનાવટનાં પરપ્રાંતિય ઈંગ્લીશ દારૂની નાની-મોટી બોટલો નંગ-૨૭ કિંમત રૂપિયા ૪,૮૫૦, મોબાઈલ નંગ-૨ કિંમત રૂપિયા



૧૧,૦૦૦, રોકડા રૂપિયા ૮૧૦ તથા મોટર સાયકલ કિંમત રૂપિયા ૨૫,૦૦૦ મળી કુલ રૂપિયા ૪૧,૬૬૦નાં મુદામાલ સાથે પકડી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

સ્ટાફ જોઈએ છે
દાંતના દવાખાનામાં લેડીઝ સ્ટાફ જોઈએ છે
ડેન્ટલ આસિસ્ટન્ટ - ૧
રિસેપ્સનિસ્ટ - ૧
દવાખાનાના કામકાજ માટે લેડીઝ - ૧
રૂબરૂ મળો
સવારે ૯:૦૦ થી ૧:૦૦
સાંજે ૫:૦૦ થી ૭:૦૦
ૐ ફેમિલી ડેન્ટલ કેર
પહેલો માળ, સારથી કોમ્પ્લેક્ષ, લીલીયા રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૩૦૩૦૦

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી. (જંગરવાળા)
આપણે હાલ એવા સમયના પ્રવાહમાં જીવી રહ્યા છીએ કે લોકો નાટકો જોઇને રડે છે અને હકીકત જોઇને કહે છે કે આ બધુ નાટક છે...
લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166

0 સિબીલ ઉપર મોબાઈલ ખરીદો
આકર્ષક ઓફર સાથે
અમરેલીમાં પહેલી જ વાર...
શ્રીજી સેલ્ફ ફાયનાન્સ
સરળ હપ્તે
કોઈપણ કંપનીના સ્માર્ટ ફોન મેળવો
સ્માર્ટ ફોન સાથે શ્યોર ગીફ્ટ તો ખરી જ...
■ ન કોઈ એરીયા લીમીટ
■ ઓછા ડાઉન પેમેન્ટથી મેળવો
નવા મોડલ હાજર સ્ટોકમાં
શ્રીજી મોબાઈલ
૭-૮, રાજકમલ ચોક, મ્યુનીસીપલ શોપીંગ સેન્ટર, નાના બસ સ્ટેન્ડ ચોક, અમરેલી.
હાર્દિક સેંજલીયા - મો. ૯૮૨૫૫ ૪૯૯૯૧

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા ૯૮૨૫૫ ૪૬૯૦૨

ખુબ ખુબ અભિનંદન
શ્રી જે.આર. વાળા
સેક્રેટરીશ્રી
અમરેલી જિલ્લા વકીલ મંડળ - અમરેલી.
તાજેતરમાં યોજાયેલ અમરેલી જિલ્લા વકીલ મંડળની ચુંટણીમાં એડવોકેટ શ્રી જે.આર. વાળા સાહેબની સેક્રેટરી તરીકે વરણી થવા બદલ આપ સાહેબને ખુબ ખુબ અભિનંદન સહ આપ ઉત્તરોત્તર પ્રગતિના સોપાનો સર કરતા રહો તેવી શુભેચ્છા...
: શુભેચ્છક :
શ્રી અજયભાઈ પંડયા (એડવોકેટ)
તોસીફભાઈ રાઠોડ (એડવોકેટ)
નાઝનીનબેન દલ (એડવોકેટ)
: અમરેલી :

સનેડા માટે સબસીડી ફાળવવા બદલ
ખુબ ખુબ અભિનંદન
શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ - માન.મુખ્યમંત્રી
શ્રી કૌશિકભાઈ વેકરિયા - ઉપદંડક : વિધાનસભા
શ્રી પરષોત્તમભાઈ રૂપાલા - કેન્દ્રીય કેબીનેટ મંત્રી
શ્રી રાઘવજીભાઈ પટેલ - કેબીનેટ મંત્રી (ગુજરાત)
સમગ્ર ગુજરાતના ખેડૂતો માટે સનેડાની ખરીદી પર સબસીડી માટે રકમ ફાળવણી કરી સીધી ખેડૂતોના ખાતામાં જમા થાય તેવી વ્યવસ્થા કરવા બદલ ચિતલ-જસવંતગઢ સનેડા એસોસિએશન ઉપરોકત મહાનુભાવોનો આભાર વ્યકત કરે છે. આ સબસીડીની જાહેરાતથી સનેડા ઉદ્યોગને એક નવો વેગ મળશે.
: આપના આભારી :
શ્રી લક્ષ્મીશંકર તૈરૈયા - પ્રમુખ (મહાદેવ એન્જિનિયરીંગ)
શ્રી પ્રતિકભાઈ દાવડા - ઉપપ્રમુખ (દાવડા એગ્રો ઈન્ડસ્ટ્રીઝ)
શ્રી રવિભાઈ દાવડા (રવિ એન્જિનિયરીંગ)
શ્રી મનીષભાઈ પંડયા (ચામુંડા એન્જિનિયરીંગ)
શ્રી ચંદુભાઈ દેસાઈ (દ્વારકેશ એન્જિનિયરીંગ)
તેમજ સમસ્ત સનેડા એસોસીએશન
ચિતલ-જસવંતગઢ, તા.જી. અમરેલી.

Jaya Art & Culture
ગર્લ્સ સ્કૂલના મેદાનમાં, નાગનાથ મંદિર પાસે, અમરેલી
તા. ૩૧/૧૨, રવિવાર સુધી જ
સમીર પટેલ પ્રસ્તુત મેજીક ઓફ ઇન્ડિયા
દરરોજ રાત્રે ૯:૩૦ કલાકે
: દર રવિવારે બે શો :
સાંજે ૬ અને રાત્રે ૯:૩૦ કલાકે
ટીકીટના દર : વી.આઇ.પી. રૂા. ૧૫૦
ફસ્ટ કલાસ રૂા. ૧૦૦ - સેકન્ડ કલાસ - રૂા. ૭૦
: સ્થળ ઉપર એડવાન્સ બુકિંગનો સમય : સાંજે ૪ થી ૬ તથા રવિવારના શો નું બુકિંગ બપોરના ૨:૦૦ થી ૫:૦૦ સુધી
ઠંડી ના લાગે તેવા તંબુમાં નિહાળો...
જાદુગર તેજા
જાદુગર વૈતાલ
ગ્રુપ શો, ચેરીટી શો તેમજ સામાજિક સંસ્થાના શો માટે સંપર્ક કરો.
મો. ૭૩૫૯૮ ૦૦૧૪૧
બહારગામથી ૧૫ પેસેન્જર લઈ આવનાર વાહનના ડ્રાઇવરને ફ્રી પ્રવેશ આપવામાં આવશે.

સાવરકુંડલામાં
અમરેલી એક્સપ્રેસ
એજન્ટ/પત્રકારની નિમણુંક થયેલ છે
સાવરકુંડલા શહેરમાં "અમરેલી એકસપ્રેસ" દૈનિકના પત્રકાર કમ એજન્ટ તરીકે કેવલ વેલાણી ની નિમણુંક કરવામાં આવી હોય પ્રેસનોટ, અવસાનનોંધ, જાહેરખબર અને વર્તમાનપત્ર મેળવવા માટે સંપર્ક કરો.
કેવલ વેલાણી (સાવરકુંડલા)
કેવલ વેલાણી
મો. ૯૯૯૮૭ ૭૮૨૮૧-સાવરકુંડલા

સચોટ - સટીક - સાતત્યસભર દૈનિક

આમ આદમીનું અખબાર

વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૪

અમરેલી એક્સપ્રેસ

આપના માટે લાવી રહ્યું છે લવાજમ યોજના

લવાજમ ભરો માત્ર ₹ ૮૯૯/-

અને મેળવો આખું વર્ષ અમરેલી એક્સપ્રેસ...

લવાજમની મુદ્દત
તા.૦૧-૦૧-૨૦૨૪ થી તા.૩૧-૧૨-૨૦૨૪

એજન્ટ/પત્રકારની નિમણુંક કરાશે
જિલ્લાના રાજુલા, ચિતલ, લાઠી, દામનગર, લીલીયા, વીજપડી, ટીંબી, જાફરાબાદ, ડુંગર સહિતનાં ગામોમાં વધુ એક એજન્ટ અને પત્રકાર ની નિમણુંક કરવાની હોય રસ ધરાવતી અને અનુભવી વ્યક્તિઓએ સંપર્ક કરવો.

કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩

www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com


### ભંગાર હાલતમાં નેશનલ હાઈ–વે જોવા મળતા રોષ

# અમરેલી જિલ્લાનાં નેશનલ હાઈ–વેની હાલત અતિ દયનીય : કોઈને કાંઈ પડી નથી

### ભ્રષ્ટાચારની બલ્લા ચારે દિશામાં જોવા મળે છે



સાવરકુંડલા, તા. ૨૮

વીજપડીથી અમરેલી નેશનલ હાઈ–વો ગણતા અધિકારીઓ જવાબ આપશે કે કેમ અવાર–નવાર રજુઆત કરવા છતાં આ રસ્તાની સ્થિતિમાં કોઈ ગુણાત્મક પરિવર્તન નથી આવતું ? જાણે કે તંત્રનાં કાને આ વાત સંભળાતી હશે કે કેમ ? એ યક્ષપ્રશ્ન હવે લોકમુખે ચર્ચાઈ રહયો છે. આ તસ્વીર વીજપડીથી અડધો કિલોમીટરથી શરૂ થતા નેશનલ હાઈ–વેની છે. અહીંથી મસ્ત મોટા ખાડાઓ અમરેલી સુધી જોવા મળેલ છે. માતેલા સાંઢની માફક કન્ટેનરો આ રસ્તા પર દોડતા જોવા મળે છે. જો કે નેશનલ હાઈ–વેની કેટેગરીમાં આ રોડ હોય એટલે પુરપાટ ઝડપે દોડતાં વાહનો હોય એ પણ સ્વાભાવિક છે. પરંતુ નાના વાહનોવાળાનો શું દોષ ? કારણ કે નાના વાહનો માટે તો આવા ખાડા યમદૂત સમાન જ ગણાય. એમાં પણ ખાસ કરીને દ્વિચક્રી વાહનોએ તો આ રસ્તા પર ચાલતું એટલે ખરેખર પરસેવો પડી જાય એવી બાબત ગણાય. આ હાઈ–વેનાં તમામ ખાડા રીસરૅસિંગ કરીને આ હાઈ–વે સીધો સપાટ કયારે થશે ? એવો વેધક સવાલ લોકમુખે ચર્ચાઈ રહયો છે. એમ અનિરૂધ્ધ ત્રિવેદીની એક અખબારી યાદીમાં જણાવાયું હતું.

### મકાન ખાલી કરાવવા મામલે ફરિયાદ નોંધાયા બાદ

# સાવરકુંડલા પાલિકાના ૨ પુર્વ સદસ્ય સહિત ૬ ને ૧ વર્ષની કેદ, દરેક વ્યકિતને ૪–૪ હજારનો દંડ પણ ફટકારાયો

સાવરકુંડલા, તા. ૨૮

સાવરકુંડલામાં ૨૦ વર્ષ પહેલા મકાન ખાલી કરવાનાં મુદે સાત શખ્સોએ અહીની એક મહિલા પર ખુની હુમલો કરી ગંભીર ઈજા કર્યાનાં કેસમાં અદાલતે છ શખ્સોને એક વર્ષની કેદ અને દંડની સજા ફટકારી છે. સાવરકુંડલાનાં એડિશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ દસરથસિંહ પરમારે આજે આ સાવરકુંડલા કેસમાં સાવરકુંડલાના પુર્વ કાઉન્સીલર કનુ રણછોડભાઈ રાઠોડ, પિયુષ હીરાલાલ ચૌહાણ, પુર્વ કાઉન્સીલર ધર્મેન્દ્ર હીરાલાલ ચૌહાણ, નિર્મળાબેન હિરાલાલ ચૌહાણ, નાગરિક બેંકનાં ડિરેકટર મીનાબેન ધર્મેન્દ્ર ચૌહાણ તથા વર્ષાબેન હિરાલાલ ચૌહાણને આ સજા ફટકારી હતી. જયારે ચાલુ કેસે હિરાલાલ વશરામભાઈ ચૌહાણનું અવસાન થતાં તેમની સામેની કાર્યવાહી બંધ કરાઈ હતી. ગત તા. ૧૮/૪/૨૦૦૪ની સાંજે વાણોટ બિલ્ડીંગમાં કિરણબેન દોશીનાં ઘરમાં ગેરકાયદે ઘુસી તેમનું મકાન ખાલી કરાવવા બાતે થયેલા કેસ પાછા ખેંચવાનું કહી સાંબેલા અને લાકડા વડે માર મારી ફેકચર કરી ગંભીર ઈજા પહોંચાડી હતી. સરકારી વકિલ એચ.એમ. ત્રિવેદીની દલીલને ધ્યાને લઈ અદાલતે દરેકને એક વર્ષની કેદ અને ચાર–ચાર હજારનો દંડ ફટકાર્યો હતો. અમરેલી જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાનાં ઉપપ્રમુખ, સાવરકુંડલા શહેર ભાજપ પુર્વપ્રમુખ, સાવરકુંડલા નગરપાલિકા પુર્વ સદસ્ય, સાવરકુંડલા નાગરિક બેંક ડિરેકટર ધર્મેન્દ્ર હીરાલાલ ચૌહાણ ઉર્ફે ધમો તેમજ સાવરકુંડલા નગરપાલિકા પુર્વસદસ્ય કનુભાઈ રણછોડભાઈ રાઠોડ સહિતનાં સમાજ સેવકોને સજા થતાં સ્થાનિક રાજકારણમાં ચકચાર મચી છે.

### ગાંધીના ગુજરાતમાં સ્વૈચ્છિક દારૂબંધી થાય તે ઉત્તમ

# અરે વાહ : ધારીનાં છતડીયા ગામે દારૂનું વેંચાણ અને સેવન ન કરવાનો નિર્ણય

ધારી, તા. ૨૮

ધારીનાં છતડીયા ગામનાં વાયરલ વિડીયો બાબતે પોલીસે કરી કાર્યવાહી છે.


વિગત એવા પ્રકારની છે કે, સોશ્યલ મીડીયા મારફતે જેમાં વ્હોટસએપ ગૃપમાં ચાર જેટલા વીડીયો વાયરલ કરેલ હોય, જેમાં રાત્રીનો સમય હોય એન આશરે કેટલાક માસણો ગામનાં મુખ્ય ચોરા પર હાજર રહી અને જાહેરમાં પ્લાસ્ટીકની કોથળીઓમાંથી પ્રવાહી જાહેરમાં ઢોળી અને 'હવે પછી ગામમાં દારૂનું વેંચાણ નહી થાય કે કોઈ દારૂનું સેવન નહી કરે જો કોઈ આવું કરશે તો તેને નાતની બહાર કરવામાં આવશે. 'બોલતા હોય જે વિડીયો છતડીયા ગામ તા.ધારીનો હોય અને ગઈ તા.૨૭/૧૨/૨૦૨૩ના રાત્રીનાં આશરે દસેક વાગ્યાનાં અરસાનો હોય જેમાં છતડીયા ગામનાં અલગ અલગ આગેવાનો દ્વારા ભેગા મળી છતડીયા ગામનાં ચોરા પાસે પ્લાસ્ટીકની કોથળીઓ મારફતે દારૂનો નાશ કરી ઉપરોકત સુત્રો ઉચ્ચારી અને આ વીડીયો બનાવેલા હોય તેમ જણાવી વીડીયોને સોશ્યલ મીડીયા પ્લેટફોર્મ પર વ્હોટસએપ મારફતે વાયરલ કરેલ હોય.

જેથી સદરહું બનાવ અંગે ધારી પોલીસ સ્ટેશન સ્ટાફ છતડીયા ગામે જઈ સદરહું બનાવ બાબતે ગામ લોકોને રૂબરૂ મળી પુછ પરછ કરતા હકીકત જાણવા મળેલ કે, ગઈ તા. ૨૭/૧૨/૨૦૨૩ ના રાત્રીનાં આશરે ૧૦ વાગ્યે છતડીયા ગામનાં ચોરા પાસે ગામનાં લોકો એકઠા થઈ ગામમાં રહેલ દારૂ પીવા અંગેનાં દુષણને દુર કરવાનું નકકી કરેલ જેથી ગામના તમામ સમાજનાં લોકો ભેગા મળી નકકી કરેલ કે હવે પછી આપણા ગામમાા કોઈએ પણ દારૂ પીવાનો નથી કે કોઈએ દારૂ વેચવાનો નથી જો કોઈ આવું કરશે તો ગામ લોકો તેના વિરૂધ્ધ યોગ્ય કાયદાકીય કાર્યવાહી કરશે. જે ચર્ચા થયા બાદ છતડીયા ગામનાં રહેવાસી રાજુભાઈ બચુભાઈ જાળેરાનાઓએ પ્રતિક સ્વરૂપે પ્લાસ્ટીકની કોથળીઓ મેળવી બધા લોકો વચ્ચે જાહેરમાં કોથળીમાથી પ્રવાહીને ઢોળી નાખેલ અને હવે પછી કોઈ દારૂનુ સેવન નહી કરે કે વેચાણ નહી કરે તથા વીડીયોમા જણાવેલ કે ૨૦૦ લીટર જેટલા દેશી દારૂનો નાશ કરેલ છે. જે બાબતે તપાસ કરતા ગ્રામજનોની પુછપરછ કરતા ગ્રામજનોએ પોતાના નિવેદનોમા જણાવેલ કે, સદરહું જાહેર જગ્યાએ કોઈ ૨૦૦ લીટર જેટલો દેશી દારૂ હતો નહી કે કોઈએ ૨૦૦ લીટર દેશી દારૂ લાવી નાશ કરેલ નથી. ફકત પ્રતિક સ્વરૂપે પ્લાસ્ટીકની કોથળીમાથી પ્રવાહી ઢોળી અને દારૂનુ સેવન તથા વેચાણ હવે પછી ગામમાં ન થાય તે અંગે ગ્રામજનોએ દ્રઢ નિશ્ચય લીધેલ છે. અને આ કોઈ જનતા રેડ નથી ગામ લોકોએ સાથે મળી સ્વૈચ્છીક રીતે આ નિર્ણય લીધેલ છે જે અંગેની હકીકત તપાસ કરતા જણાય આવેલ છે.અને ગામમા બીજો કોઈ બનાવ બનેલ નથી.અને વાયરલ થયેલ વીડીયોમા છતડીયા ગામના રાજુભાઈ બચુભાઈ જાળેરા પ્લાસ્ટીકની કોથળીમાથી પ્રવાહી ઢોળી રહેલા છે તેના વિરૂધ્ધ ધારી પો.સ્ટે.મા કુલ ૦૯ જેટલા પ્રોહીબીશનના કબજાના ગુન્હાઓ રજીસ્ટર થયેલા છે અને તેઓએ સ્વૈચ્છિક પોતે હવેથી દારૂનુ સેવન ન કરવા જાગૃતિ કરવાના ઉદ્દેશ્યથી પોતે ગ્રામજનો સાથી ભેગા મળી વિડિયો બનાવેલ હોય આ સિવાય અન્ય કોઈ ગેરકાયદેસર પ્રવુતિ થયા હોવાનું તપાસ દરમિયાન જણાઈ આવેલ નથી.

### બગસરા સહકારી મંડળી શાખા

# ધારીમાં ભાજપા અગ્રણી સ્વ. મધુબેનને શ્રધ્ધાસુમન અર્પણ કરાયા

### વારસદારને બાજપાઈ સહાય નિધિ ચૂકવાઈ



બગસરા, તા. ૨૮

શ્રી બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લી. ધારી શાખામાં પૂર્વ જીલ્લા ભાજપા મંત્રી અને મંડળીનાં પૂર્વ એડવાઈઝર બોર્ડ મેમ્બર એવા સ્વ. મધુબેન ભરતભાઈ જોષીનું આકસ્મિક અવસાન થતાં શાખા ધારીની એડવાઈઝરી બોર્ડ મીટીંગમાં તેમણે કરેલ સામાજિક, રાજકીય, ધાર્મિક અને સમાજને ઉપયોગી જે સેવા કાર્યો કરેલ તેમના સંસ્મરણો યાદ કરી શ્રધ્ધાસુમન અર્પણ કરાયા. સાથે તેમના વારસદારને મંડળી તરફથી બાજપાઈ સહાય નિધિની રકમ રૂા. ૨૫૦૦૦/–નો ચેક અર્પણ કરવામાં આવેલ. આ સમયે શાખા એમ.ડી. કેતનભાઈ ધકાણ, ડીરેકટર વિનુભાઈ પટોળીયા, નીલેશભાઈ તેરૈયા, એડવાઈઝરી બોર્ડ મેમ્બર જયસુખભાઈ રંગપરીયા, ભરતભાઈ આમલસેડા, ભરતભાઈ ડાભી, સુરેશભાઈ ગમારા, નીલેશભાઈ ઘેલાણી, લીગલ એડવાઈઝર રવિકુમાર વાળા ઉપસ્થિત રહેલ. તેમ શાખા સેક્રેટરી વિજય ચાવડાની યાદી જણાવેલ છે.

# બગસરા શરાફી મંડળી દ્વારા બાજપાઈ સહાય નિધિની રકમ ચૂકવાઇ



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૮

બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લી. ની બગસરા શાખાના સભાસદ જયંતીભાઈ હરિભાઈ પરમારનું આકસ્મિક અવસાન થતા તેમના વારસદારને મંડળી તરફથી બાજપાઈ સહાય નિધિની રકમ રૂપિયા ૨૫૦૦૦ નો ચેક અર્પણ કરવામાં આવેલ. આ વેળાએ મંડળીના જનરલ એમ.ડી. નિતેશભાઈ ડોડીયા, શાખા એમ.ડી. હરિભાઈ ભટ્ટી, શાખા જનરલ સેક્રેટરી ડી.જી. મહેતા, સેક્રેટરી સહિતની ઉપસ્થિતિમાં સહાય નિધિનો ચેક ચૂકવવામાં આવેલ.

# સાવરકુંડલા : મનોરોગી મહિલાઓને ભોજન માટે દાન આપતા પીર સૈયદ દાદાબાપુ



સાવરકુંડલા, તા. ૨૮

સાવરકુંડલા પીર સૈયદ દાદાબાપુ કાદરીએ માનવ મંદિર મનોરોગી મહિલાના ભોજન માટે ૧૦ હજાર દાનમાં આપેલ છે.

સાવરકુંડલા હાથસણી રોડ ઉપર આવેલ માનવ મંદિરમાં મનોરોગી મહિલાને રાખી તેમની સાર સંભાળ કરતા પૂજનીય ભકિતરામ બાપુ પીર સૈયદ દાદાબાપુ કાદરીની શુભેચ્છા મુલાકાતે દાદાબાપુના ખાનકાહ એ પધારેલ હતા. ત્યારે આ અચાનક શુભેચ્છા મુલાકાત દરમ્યાન માનવ મંદિરમાં મનોરોગી મહિલાઓ રહે છે તેમના ભોજન માટે કોમી એકતાના પ્રતીક અને સમાજ સુધારક અને લોકોના દુ:ખમાં દુ:ખી બનીને સહકાર આપનાર પીર સૈયદ અલ્હાજ દાદાબાપુ કાદરી દ્વારા રૂપિયા ૧૦ હજારનું દાન આપવા માં આવેલ છે. જેમાં જુમ્મા મસ્જિદના પેશ ઈમામ હાફિઝ સાદિકમાં મુબારક હસ્તે ભકિતરામ બાપુને ૧૦ હજારનું કવર આપવામાં આવેલ છે. માનવ માનવની સેવા કરવી તેજ સાચો ધર્મ છે જે દાદાબાપુ એ કાર્ય કરે છે કર્યુ છે અને કરતા આવે છે.

### વગર પરીક્ષાએ પાસ કરી દેવામાં આવતા હોવાની ચર્ચા

# અમરેલીની આઈ.ટી.આઈ.માં લર્નિંગ ડ્રાઈવિંગ લાયસન્સ માટેની પ્રક્રિયા વિવાદાસ્પદ

### એઆરટીઓ અધિકારી તટસ્થ તપાસ કરાવે તે જરૂરી

અમરેલી, તા. ૨૮

અમરેલીની આઈટીઆઈમાં ડ્રાઈવિંગ લાયસન્સ મેળવવા માટેની જરૂરી કોમ્પ્યુટર પરીક્ષામાં ગેરરીતિ થયાનું ચર્ચાઈ રહ્યું છે. જેમાં અમુક નાણાકીય વહીવટ કરીને મળતીયાઓની મિલીભગતથી વગર પરીક્ષાએ પાસ કરી દઈને લર્નિંગ લાયસન્સ ફાળવી દેવાતું હોવાનું ચર્ચાતું હોય એઆરટીઓ અધિકારી ધ્વારા આ બાબતે તટસ્થ તપાસ થાય તેવી માંગ અરજદાર વર્ગમાંથી થઈ રહી છે.

# અમરેલી ગજેરા સ્કૂલનાં ડીએલએસએસ એથલેટીકસનાં ખેલાડીઓનું સન્માન થયું



અમરેલી, તા. ૨૮

શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા પ્રાથમિક શાળાના અમરેલીના વિદ્યાર્થી ભાઈ–બહેનોએ વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં ''સ્વચ્છ ભારતકા ઈરાદા''ની ઉત્તમ કૃતિ રજુ કરી સૌન મન મોહી લીધા હતા. આ નૃત્ય ગીત ધ્વારા સ્વચ્છ ભારતનું મહત્વ વિશ્વ સુધી પહોંચે, દેશનું ગૌરવ વધે અને નાગરિકોમાં સ્વચ્છતા પ્રત્યે ઉમદા જાગૃત્તિ કેળવાય તેવો હેતુ રહેલો છે.

આ કાર્યક્રમ સેવા સેતુ–અમરેલી શહેર ધ્વારા આયોજિત હતો. જેમાં શહેરના અગ્રણી નાગરિકો તથા વિદ્યાર્થી ભાઈ–બહેનો મોટી સંખ્યામાં જોડાયા હતા. જેમાં દેશ આગામી વર્ષોમાં વિકસિત ભારત તરીકે વિશ્વ ગુરૂ બની સમૃધ્ધિ, સ્વચ્છતા અને સદવિચારોથી વિશ્વને માર્ગદર્શન આપતું થાય તે માટે દેશના તમામ નાગરિકો દેશની પ્રગતિમાં સહભાગી બની, પરિશ્રમ કરી પોતાનું યોગદાન આપે તેવો સંદેશ આ યાત્રા ધ્વારા દેશને અપાઈ રહ્યો છે.

શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા ડી.એલ.એસ.એસ. અમરેલીના એથલેટીકસના ખેલાડીએ રાષ્ટ્રીય કક્ષાએ મેડલ પ્રાપ્ત કરી અમરેલી જિલ્લાનું ગૌરવ વધાર્યુ હોય, તેવા ખેલાડીઓ વાળા રોશનબા, લકુમ હાર્વિન, સાટીયા યશને યુવા મોરચાના ઉપપ્રમુખ મનિષભાઈ સંઘાણી, અમરેલી નગરપાલિકાના પ્રમુખ બીપીનભાઈ લીંબાણીના હસ્તે પુરસ્કાર અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં કૃતિ રજુ કરવા બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, ટ્રસ્ટી મનસુખભાઈ ધાનાણી, ટ્રસ્ટી ચતુરભાઈ ખૂંટ તેમજ ડાયરેકટર વસંતભાઈ પેથાણી, આચાર્યો તથા શિક્ષકોએ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

### અયોધ્યા ખાતે યોજાનારા પ્રાણ–પ્રતિષ્ઠા મહોત્સવમાં

# સાવરકુંડલા : કબીર ટેકરી આશ્રમનાં મહંત પૂ. નારણદાસ સાહેબને આમંત્રણ

### સમગ્ર દેશમાં માત્ર ૪ હજાર સાધુ–સંતોને આમંત્રિત કરાયા છે



સાવરકુંડલા, તા. ૨૮

આગામી તારીખ ૨૨ જાન્યુઆરીના રોજ અયોધ્યા ખાતે ભવ્યથી ભવ્ય રામ મંદિરમાં ભગવાન શ્રી રામની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ થવા જઈ રહ્યો છે. ત્યારે સાવરકુંડલા શહેર અને પંથક માટે ગૌરવરૂપ બાબત ગણાય તેમ સાવરકુંડલા ખાતે આવેલા કબીર સંપ્રદાયના કબીર ટેકરી આશ્રમના મહંત પૂજય શ્રી નારણદાસ સાહેબને અયોધ્યાથી ભગવાન શ્રી રામના પ્રાંણ પ્રતિષ્ઠા મહોત્સવમાં હાજરી આપવા ખાસ આમંત્રણ મળ્યું છે. વિ હિન્દુ પરિષદના સૌરાષ્ટ્ર પ્રભારી નીતિન મામા, શ્રી રામ જન્મભૂમિ તીર્થ ટ્રસ્ટના મહાસચિવ ચંપતરાયજી વતી સાવરકુંડલા આવી વિ હિન્દુ પરિષદના સ્થાનિક કાર્યકર્તાઓને સાથે રાખી કબીર ટેકરી ખાતે નારણદાસ સાહેબને અયોધ્યા ખાતે રામ જન્મભૂમિ ટ્રસ્ટ વતી પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં હાજરી આપવા ખાસ આમંત્રણ આપી હારતોરા કરી ભાવસભર આગ્રહ કર્યો છે. જેથી શ્રી નારણદાસ સાહેબ આગામી તારીખ ૧૯ જાન્યુઆરીના રોજ સાવરકુંડલાથી અયોધ્યા જવા રવાના થશે. અયોધ્યા રામ જન્મભૂમિ તીર્થ ટ્રસ્ટના વ્યવસ્થાપકો દ્વારા તમામ આમંત્રિત સંતો, મહંતોને રેલવે સ્ટેશન, બસ સ્ટેશન અને એરપોર્ટ પરથી તેડવાની વ્યવસ્થા કરવામાં આવી છે. સમગ્ર ભારતમાંથી માત્ર ૪૦૦૦ સાધુ–સંતોને આ ભવ્ય ધાર્મિક મહોત્સવ પ્રસંગે હાજરી આપવા આમંત્રણ મળ્યું છે. ત્યારે ૪૦૦૦ સંતોમાં સાવરકુંડલાના કબીર ટેકરી આશ્રમના મહંત શ્રી નારણદાસ સાહેબનો સમાવેશ થતા તે પણ સાવરકુંડલા શહેર અને તાલુકાના ધર્મ પ્રેમીઓ વતી અયોધ્યા ખાતે ભગવાન શ્રી રામના ભવ્ય દિવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના સાક્ષી બનવા જઈ રહ્યા છે. ત્યારે સાવરકુંડલા શહેર અને તાલુકાની જનતામાં પણ હરખની હેલી ચડી છે અને સૌ કોઈ મહંત શ્રી નારણદાસ સાહેબને રૂબરૂ મળી આનંદ વ્યકત કરી રહ્યા છે.

અત્રે નોંધનીય છે કે મહંત શ્રી નારણદાસ સાહેબ વિવિધ સામાજિક, સેવાકીય પ્રવૃતિઓની સાથે સાથે સનાતન ધર્મની રક્ષા, પ્રચાર અને પ્રસાર માટે સતત પ્રયત્નશીલ રહેતા હોય તેઓની સમગ્ર સાવરકુંડલા શહેર અને તાલુકામાંથી એકમાત્ર પસંદગી કરવામાં આવી છે જે સાવરકુંડલા શહેર અને તાલુકાની જનતા માટે પણ ગૌરવરૂપ ઘટના છે. કબીર ટેકરી આશ્રમ દ્વારા શહેરમાં નિરાધાર, અશકતો, અભ્યાગતોને ઘેર બેઠા દરરોજ બપોરે ટિફિન પહોચાડવામાં આવે છે. હોસ્પિટલમાં દાખલ દર્દી અને તેની સાથેના સબંધીઓ માટે દરરોજ રાત્રે ભોજન પ્રસાદ આપવામાં આવે છે, પ્રસૂતા બહેનોને ચોખ્ખા ઘીનો શીરો બનાવીને આપવામા આવે છે આવી અનેકવિધ મૂકસેવા કરી રહ્યા છે.

અત્યારના સોશિયલ મીડિયાના સમયમાં પોતાની સેવા પ્રવુત્તિનો પ્રચાર અને પ્રસાર કરી સતત પ્રચારમાં છવાયેલા રહેવા સતત પ્રયત્નશીલ હોય છે. ત્યારે મહંત શ્રી નારણદાસ સાહેબ આવી પ્રસિદ્ધિથી હંમેશા દૂર રહેતાં હોય છે છતાં પણ રામ મંદિર ખાતે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં હાજરી આપવા ખાસ નિમંત્રણ મળતા સેવક સમુદાયમાં હરખની હેલી વરસી રહી છે.

## ધારાસભ્ય મહેશ કસવાલા નીતિ-નિયમોને આધિન માર્ગ બનાવવા સક્રીય

# ભૈ વાહ : સાવરકુંડલામાં પાલિકા દ્વારા થતાં વિકાસ કાર્યોનું નિરીક્ષણ

**પાલિકાનાં શાસકોને સાથે રાખીને જરૂર જણાયું ત્યાં જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવ્યું**

**અન્ય પાલિકા વિસ્તારમાં વિકાસ કાર્યો કરવામાં પ્રેરણારૂપ બને તેવા કાર્યો કરવા સુચના આપી**

**આગામી ૨૫ થી ૩૦ વર્ષ સુધી માર્ગો તૂટે નહી તે જોવા ખાસ જણાવ્યું**

**જિલ્લાનાં તમામ જનપ્રતિનિધિઓ જાગૃત થાય તો ભ્રષ્ટાચારને દિવો લઈને શોધવા જવો પડે**








સાવરકુંડલા, તા. ૨૮

સાવરકુંડલા નગરપાલિકામાં થતા રોડ રસ્તાના કામોમાં ગુણવત્તા અને કવોલિટીને પ્રાધાન્ય મળી રહે અને વિકાસનું પ્રતિબિંબ સમાનના કાર્યો સાવરકુંડલા પાલિકા દ્વારા થાય તે માટે કટિબદ્ધ પાલિકાના શાસકોને કર્તવ્યનિષ્ઠ ધારાસભ્ય મહેશ કસવાળાના સીધા માર્ગદર્શન તળે સાવરકુંડલા શહેરની સુખાકારી અને પાલિકા દ્વારા મળતી સવલતોમાં કયાંય કચાશ ના રહે તેને લઈને આજે ધારાસભ્ય મહેશ કસવાળાએ ચાલતા વિકાસના કામોનું જાત નિરીક્ષણ કર્યુ હતું ને રોડ રસ્તાના કામોની સરપ્રાઈઝ વીઝીટ લીધી હતી. વોર્ડ વાઈજ દરેક પાલિકાના સદસ્યોને વિકાસની થતી કામગીરીઓ પર નજર દ્વારા ચૂકવાતા પૈસાનું મૂલ્ય જળવાઈ રહે તેવી કામગીરીઓ થાય તો જ શહેરમાં વિકાસની પરિભાષા સાર્થક સાબિત થાય તેવુ ધારાસભ્ય મહેશ કસવાળા ઈચ્છી રહ્યા છે. પાલિકામાં ચાલતા કામો પર ભાજપના શાસકો સંપૂર્ણપણે વિકાસ અને ગુણવત્તા સાથેની કવોલિટીને પ્રાધાન્ય મળે તો જ રાજય સરકાર દ્વારા મળતી ગ્રાન્ટોનો સાચો સદઉપયોગ સાર્થક થશે ને દરેક વિસ્તારોમાં થતાં પાલિકાના વિકાસના કામોમાં પાલિકા પ્રમુખ મેહુલ ત્રિવેદી, ઉપપ્રમુખ પ્રતિક નાકરાણી અને કારોબારી ચેરમેન અશોક ચૌહાણ દ્વારા પણ સરપ્રાઈઝ વીઝીટ કરીને કામોની સમીક્ષાઓ થઈ રહી છે. ત્યારે નવા વિકસતા વિસ્તાર માટે આવનાર ૨૫-૩૦ વર્ષના પ્લાનિંગથી રોડ, ગટર, વરસાદી પાણી, સ્ટ્રીટ લાઈટનુ આયોજન કરવુ જોઈએ અને આવનારા સમયમાં સાવરકુંડલા નગરપાલિકા એસટીપી- રીવરફ્રન્ટ, ભેંસાણ ડેમ પ્રોજેકટ જેવા મોટા પ્રોજેકટ કરવા જઈ રહી છે. ત્યારે કામની કવોલિટી માટે ચિંતા હોય અને આવનારા ૨૫ વર્ષ શહેરના વિકાસ માટે નગરપાલિકાને રોડ મેપ બનાવવા અને તજજ્ઞ કન્સલ્ટન્ટ મદદ લેવા માટે પણ અનુરોધ પણ ધારાસભ્ય મહેશ કસવાળાએ પાલિકા સત્તાધીશોને કર્યો હતો અને આજે અચાનક ધારાસભ્ય મહેશ કસવાલાએ લીધેલી સરપ્રાઈઝ વીઝીટ દરમ્યાન અધિકારીઓને સૂચના અને માર્ગદર્શન આપ્યું હતું. ત્યારે સાવરકુંડલા નગરપાલીકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ પ્રતીકભાઈ નાકરાણી, કારોબારી ચેરમેન અશોકભાઈ ચૌહાણ, બાંધકામ સમિતિ ચેરમેન લાલાભાઈ ગોહિલ, નગરપાલિકાના ચેરમેનો ભાવેશભાઈ કવા, ભુપતભાઈ પાનસુરીયા, જીગ્નેશભાઈ ટાંક, કિશોરભાઈ બુહા, રમેશભાઈ ચૌહાણ સંગાથે રહ્યા હતા ને સ્થાનિક વિસ્તારોમાં પાલિકા દ્વારા વધુ સારી સવલત અને સુવિધાઓ મળી રહે તે અંગે પરામર્શ કર્યો હતો.


પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

આપના પાલતુ ઘોડાને ભુખ તથા પાચન સંબંધી લક્ષણો માટે તેમજ ઘોડામાં થતો પેટતોડાનાં રોગ માટે
૧૦૦% અસરકારક આયુર્વેદિક દવા મળશે
તેમજ વછેરા-વછેરીનાં વિકાસ માટે અસરકારક પાવડર મળશે
શ્રી રાકેશભાઈ ખત્રી
મો. ૮૫૩૦૪ ૭૯૦૨૨ - અમરેલી

ટેકનીશ્યન જોઈએ છે
નેટર્વકીંગના જાણકાર તથા CCTV તેમજ કોમ્પ્યુટર ના જાણકાર
પ્રિસીસન ટેલીકોમ
દુ.નં.B-6, રોનક ટ્રાન્સપોર્ટની બાજુમાં, ડીવાઈન એમ.આર. આઈ. સેન્ટર ની સામે, ફોમા સ્ટોર ની પાછળ, જુના માર્કેટિંગ યાર્ડની અંદર, અમરેલી-૩૬૫૬૦૧ મો.૯૮૨૫૧ ૭૬૧૬૩

ભારતમાં સૌથી સારો મેડીક્લેઈમ
મેડીક્લેઈમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઈમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઈન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઈ પંડ્યા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડ્યા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦





''શ્રી વલ્લભ''
MARUTI SUZUKI ARENA
ડિસેમ્બર ધમાકા ઓફર
પછી કહેતા નહીં કે અમે રહી ગયા....
ભાવ વધે તે પહેલા કાર બુક કરાવો અને તમારા સપનાની કારનાં માલીક બનો...
CELERIO

ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઈઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

HONDA The Power of Dreams
સપના કરશે સાકાર...
Shine 100cc
કિંમત રૂા. 64,900/-* થી શરૂ

સૌથી સસ્તુ બાઈક
સાથે ISI માર્કાવાળુ ફ્રી હેલ્મેટ તદ્દન મફત
3+3 years warranty
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૬૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨


એકદમ ક્રિસ્પી ખાજલી
મોહનથાળ
ગુલાબ જાંબુ
ટોપરાપાક
લાડુ
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મનીષભાઈ : મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨

તમારો દરેક પ્રસંગ યાદગાર બનશે
ક્રિષ્ના ઈવેન્ટ
KRISHNA EVENT
• અમરેલી • સુરત • મોરબી
• લોકડાયરો
• લગ્નગીત
• હાસ્ય દરબાર ગરબા
• પ્રાઈવેટઈવેન્ટ
• સંગીતસંધ્યા
• રાસગરબા
• કોર્પોરેટઈવેન્ટ
• બોલિવૂડ કોન્સર્ટ
દ્વારકેશભાઈ જોષી
99741 55535



* - ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

### ૨૪ કલાકમાં ૬ ના મોતથી હાહાકાર

# કોરોનાએ ફરી મચાવ્યો આતંક દેશમાં આજે ૭૦૨ નવા કેસ

## દેશમાં એક્ટિવ કેસની સંખ્યા ૪૦૯૭ થઇ ગઇ છે

નવી દિલ્હી, તા.૨૮

શિયાળાની ઠંડી વધવાની સાથે ભારતમાં કોરોના વાયરસ વધુ ગંભીર બની રહ્યો છે. દેશમાં જેમ જેમ ઠંડી વધી રહી છે, કોરોના વાયરસના નવા કેસ પણ તેજ ઝડપે સામે આવી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના ૭૦૨ નવા કેસ નોંધાયા છે, જેના કારણે ચિંતા વધી રહી છે. કારણ કે આના એક દિવસ પહેલા દેશમાં કોવિડના ૫૨૯ નવા કેસ નોંધાયા હતા. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે આ માહિતી આપી છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા લેટેસ્ટ આંકડા અનુસાર દેશમાં ગત ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૭૦૨ નવા કેસ નોંધાયા છે. જેથી દેશમાં એક્ટિવ કેસની સંખ્યા ૪૦૯૭ થઈ ગઈ છે. આ સમયગાળા દરમિયાન દેશના વિવિધ રાજ્યોમાં કોવિડ-૧૯ને કારણે કુલ ૬ લોકોના મોત થયા છે. મહારાષ્ટ્રમાં કોરોના વાયરસના કારણે બે લોકોના મોત થયા છે, જ્યારે દિલ્હી, કર્ણાટક, કેરળ અને પશ્ચિમ બંગાળમાં એક દર્દીનું મોત થયું છે. ભારતમાં બુધવારે ૨૪ કલાકમાં કોવિડ-૧૯ના ૫૨૯ નવા કેસ નોંધાયા છે. સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું હતું કે આ સમયગાળા દરમિયાન દેશમાં કોરોના વાયરસના કારણે ૫ લોકોના મોત થયા છે. એટલું જ નહીં આ દરમિયાન દેશમાં ૩ લોકોના મોત થયા છે. બુધવારના ડેટા અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં કર્ણાટકમાં કોવિડ-૧૯ના કારણે બે અને ગુજરાતમાં એક દર્દીનું મોત થયું છે. જોકે, બાદમાં મહારાષ્ટ્રમાંથી કોરોના વાયરસના કારણે મૃત્યુના બે કેસ નોંધાયા હતા. મહારાષ્ટ્રમાં છેલ્લા ત્રણ મહિનામાં પ્રથમ વખત કોરોનાના કારણે મૃત્યુના કેસ નોંધાયા છે.

કોરોનાના નવા સબ-વેરિઅન્ટ JN.1 વિશે વાત કરીએ તો દેશમાં અત્યાર સુધીમાં ૧૧૦ નવા કેસ નોંધાયા છે. બુધવારે પ્રથમ વખત, દેશની રાજધાની દિલ્હીમાં કોવિડ સબ-વેરિઅન્ટ JN.1 નો પહેલો કેસ નોંધાયો હતો.

ગુજરાતમાં અત્યાર સુધીમાં JN.1 સબ વેરિઅન્ટના સૌથી વધુ કેસ નોંધાયા છે. ગુજરાતમાં ૩૬, કર્ણાટકમાં ૩૪, ગોવામાં ૧૪, મહારાષ્ટ્રમાં ૯, કેરળમાં ૬, રાજસ્થાનમાં ૪, તમિલનાડુમાં ૪, તેલંગાણામાં ૩ અને દિલ્હીમાં ૧ કેસ નોંધાયા છે.

આરોગ્ય મંત્રાલયે કહ્યું કે આગામી દિવસોમાં કોરોના અને તેના પેટા પ્રકારોના વધુ કેસ વધશે. જોકે, રાહતની વાત એ છે કે કોરોનાને કારણે હોસ્પિટલમાં દાખલ દર્દીઓની સંખ્યા હજુ પણ નિયંત્રણમાં છે.

### હવામાનને લઈ ફરી એક વાર આગાહી સામે આવી

# આગામી ૨ થી ૩ દિવસ વાદળછાયું વાતાવરણ રહેશે

ગાંધીનગર, તા.૨૮

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સર્જાયું છે જેના કારણે વાદળ છવાયા છે. ભેજના કારણે રાજ્યમાં વાદળછાયું વાતાવરણ છવાયું છે. નલિયામાં તાપમાન ૧૦.૮ ડિગ્રી નોંધાયું છે. જ્યારે અમદાવાદમાં તાપમાન ૧૮ ડિગ્રી તાપમાન નોંધાયું છે. રાજ્યમાં સૌથી ઠંડુ શહેર નલિયા રહેતુ હોય છે.

શિયાળાની શરુઆતથી નિલાયાનુ તાપમાન સતત ગગડતુ હોય છે. પરંતુ ચાલુ વર્ષે ડિસેમ્બર પૂરો થવા આવ્યો છે તેમ છતા નલિયામાં ૯ ડીગ્રીથી નીચુ તાપમાન ગયુ નથી. છેલ્લા ૫ વર્ષમાં ડિસેમ્બર મહિનામાં લઘુતમ તાપમાન પર નજર કરીએ તો નલિયા લઘુતમ તાપમાન ૨૦૨૨ના ડીસેમ્બર મહિનામાં ૦૪.૯ ડીગ્રી સુધી પહોચી ગયુ હતુ, ૨૦૨૧ના ડીસેમ્બર મહિનામાં ૨.૫ ડીગ્રી તાપમાન, ૨૦૨૦ના ડીસેમ્બર મહિનામાં ૩.૨ ડીગ્રી, ૨૦૧૯ના ડીસેમ્બર મહિનામાં ૩.૬ ડીગ્રી, ૨૦૧૮ના ડીસેમ્બર મહિનામાં ૪.૪ ડીગ્રી સુધી પહોચી ગયુ હતુ.

આ તરફ અમદાવાદનુ લઘુતમ તાપમાન ૨૦૨૨ના ડીસેમ્બર મહિનામાં ૧૨.૯ ડીગ્રી સુધી પહોચી ગયુ હતુ. ૨૦૨૧ના ડીસેમ્બર મહિનામાં ૧૨.૭ ડીગ્રી, ૨૦૨૦ના ડીસેમ્બર મહિનામાં ૮.૩ ડીગ્રી, ૨૦૧૯ના ડીસેમ્બર મહિનામાં ૧૦.૨ ડીગ્રી, ૨૦૧૮ના ડીસેમ્બર મહિનામાં ૮.૦ ડીગ્રી, ૨૦૧૭ના ડીસેમ્બર મહિનામાં ૧૦.૧ ડીગ્રી સુધી પહોચી ગયુ હતુ. જોકે ચાલુ વર્ષે ડિસેમ્બર પુરો થવા આવ્યો છે. પરંતુ ૧૨ ડીગ્રીથી નીચુ તાપમાન ગયુ નથી. એટલે કે આ વર્ષે ડિસેમ્બર મહિનામાં જેવી ઠંડી પડવી જોઈએ તેવી ઠંડી પડી શકી નથી

### ભારતીય શેરબજારમાં અવિરત તેજી

# સેન્સેક્સમાં ૩૭૨, નિફ્ટીમાં ૧૩૯ પોઈન્ટનો વધારો નોંધાયો

## બીએસઈ સેન્સેક્સ ૭૨૫૦૦ની સપાટીને સ્પર્શી ગયો, નિફ્ટી પણ ૨૧૭૭૦ના ઉચ્ચ સ્તરે પહોંચી ગયો

મુંબઈ, તા.૨૮

શેરબજારનો કારોબાર ગુરુવારે બમ્પર તેજી સાથે સમાપ્ત થયો. બીએસઈ સેન્સેક્સ ૩૭૨ પોઈન્ટ ઉછળીને ૭૨૪૧૦ ના સ્તર પર બંધ થયો છે જ્યારે નિફ્ટી ૧૩૯ પોઈન્ટ વધીને ૨૧૭૯૩ પોઈન્ટ ના સ્તર પર બંધ થયો છે. ગુરુવારે, કોલ ઈન્ડિયા લિમિટેડના શેરમાં ચાર ટકાનો ઉછાળો નોંધાયો હતો અને તે રૂ. ૩૮૦ના સ્તરને પાર કરી ગયો હતો, જ્યારે એનટીપીસીના શેરમાં ત્રણ ટકા અને મહિન્દ્રાના શેરમાં ૨.૫૯ ટકાનો વધારો નોંધાયો હતો. ભારત પેટ્રોલિયમનો શેર રૂ. ૪૬૬ની સપાટી વટાવીને ૨.૫૪ ટકાના વધારા સાથે બંધ રહ્યો હતો. શેરબજારના નિષ્ણાત સંજીવ ભસીને કહ્યું છે કે શેરબજારની વર્તમાન મુવમેન્ટમાં બહાદુર બનવાની જરૂર નથી અને રોકાણકારોએ પ્રોફિટ બુક કર્યા પછી બજારમાં નબળાઈની રાહ જોવી જોઈએ.

ગુરુવારે શેરબજારમાં ફરી એકવાર બમ્પર ઉછાળો નોંધાયો હતો અને બીએસઈસેન્સેક્સ ૭૨૫૦૦ની સપાટીને સ્પર્શી ગયો હતો. દિવસના કારોબારમાં નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૨૧૭૭૦ના ઉચ્ચ સ્તરે પહોંચી ગયો હતો.

નેશનલ સ્ટોક એક્સચેન્જમાં કામકાજ કરતી કંપનીઓમાંથી ૩૮ના શેરમાં તેજી જોવા મળી રહી હતી, એક શેરના ભાવમાં કોઈ ફેરફાર થયો ન હતો જ્યારે ૧૧ શેર નબળાઈ સાથે ટ્રેડ થઈ રહ્યા હતા. બીએસઈ સેન્સેક્સમાં વધારો દર્શાવતી કંપનીઓ વિશે વાત કરીએ તો, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, એનટીપીસી, પાવર ગ્રીડ, નેસ્લે, ટાટા મોટર્સ, આઈટીસી, ભારતી એરટેલના શેરો જંગી વોલ્યુમ સાથે ટ્રેડ થઈ રહ્યા હતા.

ગુરુવારના ટ્રેડિંગમાં નિફ્ટી આઈટી ઈન્ડેક્સમાં નબળાઈ જોવા મળી હતી, જ્યારે નિફ્ટી બેંક, બીએસઈ સ્મોલ કેપ અને નિફ્ટી મિડકેપ ૧૦૦ ઈન્ડેક્સમાં વધારો જોવા મળ્યો હતો. ગુરુવારના ટ્રેડિંગમાં જે શેરોમાં નબળાઈ જોવા મળી હતી તેમાં લાર્સન એન્ડ ટુબ્રો, ઈન્ફોસિસ, મારુતિ સુઝુકી અને અલ્ટ્રાટેક સિમેન્ટ વગેરેનો સમાવેશ થાય છે. શેરબજારમાં મલ્ટિબેગર રિટર્ન આપતી કંપનીઓ વિશે વાત કરીએ તો, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, કામધેનુ લિમિટેડ, એક્સાઈડ ઈન્ડસ્ટ્રીઝ, ટાટા મોટર્સ, યુનિપાર્ટ્સ ઈન્ડિયા અને દેવયાની ઈન્ટરનેશનલના શેરમાં વધારો થયો હતો જ્યારે જિયો ફાઈનાન્શિયલ, સ્ટોવ ક્રાફ્ટ, પટેલ એન્જિનિયરિંગ, ઓમ ઈન્ફ્રા અને બ્રાન્ડ કોન્સેપ્ટમાં વધારો થયો હતો. શેર નબળાઈ પર ટ્રેડ થઈ રહ્યા હતા. ગુરુવારે શેરબજારમાં ગૌતમ અદાણી ગ્રૂપની બે કંપનીઓના શેરમાં નજીવો વધારો જોવા મળ્યો હતો, જ્યારે બાકીની સાત કંપનીઓ ખોટમાં કામ કરી રહી હતી. એસીસીલિમિટેડ અને અદાણી પાવરના શેરમાં નજીવો વધારો નોંધાઈ રહ્યો હતો, અદાણી એનર્જી સોલ્યુશનના શેર ત્રણ ટકાની નબળાઈ સાથે રૂ. ૧૦૨૫ના સ્તરે કામ કરી રહ્યા હતા.

### અયોધ્યામાં જોરશોરથી તૈયારીઓ ચાલી રહી છે

# મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા દરમિયાન ગર્ભગૃહમાં માત્ર ૫ લોકોને પ્રવેશ

## ગર્ભગૃહમાં પીએમ મોદી, મોહન ભાગવત, યોગી, આનંદીબેન પટેલ અને મુખ્ય આચાર્ય હાજર રહેશે

અયોધ્યા, તા.૨૮

અયોધ્યામાં બની રહેલા પ્રભુ શ્રીરામના મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમની તારીખ હથે થોડા દિવસ દૂર છે. તેવામાં પ્રાણ પ્રતિષ્ઠાને લઈને એક મોટા સમાચાર સામે આવ્યા છે. સૂત્રો પ્રમાણે આ કાર્યક્રમ દરમિયાન ગર્ભગૃહમાં માત્ર ૫ લોકો હાજર રહેશે. સમાચાર પ્રમાણે પ્રતિષ્ઠા સમયે ગર્ભગૃહનો પડદો પણ બંધ રહેશે. નોંધનીય છે કે આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી મોદી મુખ્ય અતિથિ હશે. આવો જાણીએ પીએમ સિવાય કોણ પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમ દરમિયાન રામ મંદિરના ગર્ભગૃહમાં હાજર રહેશે.

અત્યાર સુધી મળેલી જાણકારી પ્રમાણે રામ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમ દરમિયાન રામ મંદિરના ગર્ભગૃહમાં પીએમ મોદી, આરએસએસ પ્રમુખ મોહન ભાગવત, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, યુપીના રાજ્યપાલ આનંદીબેન પટેલ અને મુખ્ય આચાર્ય હાજર રહેશે. નોંધનીય છે કે અયોધ્યામાં બની રહેલા રામ મંદિરમાં ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ના પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. આ સાથે પ્રાણ પ્રતિષ્ઠામાં થનારી કેટલીક મહત્વની વિધિઓને લઈને પણ અપડેટ સામે આવ્યું છે. સૌથી પહેલા ભગવાન રામને અરિસો દેખાડવામાં આવશે અને રામલલા પોતાનો ચહેરો જોશે. ત્યારબાદ દલપૂજા માટે આચાર્યોની ૩ ટીમો બનાવવામાં આવી છે. પ્રથમ દળનું નેતૃત્વ સ્વામી ગોવિંદ દેવ ગિરિ કરશે. બીજા દળનું નેતૃત્વ શંકરાચાર્ય વિજયેન્દ્ર સરસ્વતી કરશે જે કાંચી કામકોટિ પીઠના શંકરાચાર્ય છે. તો ત્રીજી ટીમમાં કાશીના ૨૧ વિદ્વાનો રાખવામાં આવ્યા છે. ૨૨ જાન્યુઆરી ૨૦૨૪માં અયોધ્યા રામ મંદિરમાં થનાર પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમમાં પીએમ મોદી મુખ્ય અતિથિના રૂપમાં સામેલ થશે. પીએમ મોદી સિવાય અન્ય લોકોને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે.

આ સિવાય આશરે ચાર હજાર સંતોને આમંત્રિત કરવામાં આવ્યા છે. બધા શંકરાચાર્ય, મહામંડલેશ્વર, શીખ અને બૌદ્ધ પંથના સર્વોચ્ચ સંતોને આમંત્રણ આપવામાં આવ્યું છે. સ્વામી નારાયણ, આર્ટ ઓફ લિવિંગ, ગાયત્રી પરિવાર, કિસાન, કલા જગતના પ્રમુખ લોકોને આમંત્રિત કરવામાં આવ્યા છે. કારસેવલોના પરિવારજનોને પણ નિમંત્રણ મોકલવામાં આવ્યું છે.

### અયોધ્યાના રામમંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠાની તૈયારી જોરમાં

# રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠામાં સીતારામ યેચૂરી હાજર નહીં રહે

## માર્ક્સવાદી પાર્ટી પોલિટ બ્યુરોએ એક નિવેદન જારી કર્યું

નવી દિલ્હી, તા.૨૮

રામમંદિરના પ્રાણ પ્રતિષ્ઠા સમારોહની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે ત્યારે ભાજપ ભારે ઉત્સાહમાં છે તો વિપક્ષી દળો આ મામલે તેના પર રાજકીય ખાટવાનો આરોપ મૂકી રહ્યા છે. દરમિયાન એવા અનેક વિપક્ષી નેતાઓ છે જેઓ આ સમારોહથી દૂર રહી શકે છે. જેમાં વધુ એક વિપક્ષી દિગ્ગજનું નામ ઉમેરાઈ ગયું છે.

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી સંભવતઃ ૨૨ જાન્યુઆરીએ અયોધ્યામાં રામ મંદિરના ઉદ્દઘાટનમાં હાજરી નહીં આપે. મુખ્યમંત્રીએ આ અંગે કોઈ સત્તાવાર જાહેરાત તો કરી નથી, પરંતુ તૃણમૂલ કોંગ્રેસના પ્રવક્તા કુણાલ ઘોષે એક નિવેદનમાં માત્ર મુખ્યમંત્રી જ નહીં પરંતુ પાર્ટીના કોઈપણ નેતા મંદિરના ઉદ્દઘાટન સમારોહમાં હાજરી આપશે તેવી સંભાવનાઓને નકારી કાઢી હતી. જ્યારે કુણાલ ઘોષને પૂછવામાં આવ્યું કે શું મુખ્યમંત્રી ૨૨ જાન્યુઆરીએ અયોધ્યામાં યોજાનારા કાર્યક્રમમાં જશે? ત્યારે તેમણે કહ્યું કે મંદિરના ઉદ્દઘાટનમાં તેમની ભાગીદારીનો સવાલ જ ઊભો થતો નથી. અગાઉ મંગળવારે માર્ક્સવાદી કમ્યુનિસ્ટ પાર્ટી પોલિટ બ્યુરોએ એક નિવેદન જારી કરીને જાહેરાત કરી હતી કે પાર્ટીના મહાસચિવ સીતારામ યેચુરી ઉદ્દઘાટન કાર્યક્રમમાં હાજરી નહીં આપે.

ગયા અઠવાડિયે કોંગ્રેસ પાર્ટીએ ૨૨ જાન્યુઆરીએ અયોધ્યામાં રામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ માટે આમંત્રણ આપવા બદલ શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટનો આભાર માન્યો હતો. જો કે, કોંગ્રેસ તરફથી મલ્લિકાર્જુન ખડગે કે પછી સોનિયા ગાંધીના આ સમારોહમાં હાજર રહેશે કે નહીં તે અંગે કોઈ માહિતી આપવામાં આવી નથી. જ્યારે સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે કહ્યું છે કે જો તેમને રામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ માટે આમંત્રણ મળશે તો તેઓ ચોક્કસ જશે. આ સિવાય કેટલાક મીડિયા રિપોર્ટ્સમાં કહેવામાં આવ્યું છે કે રાજદ સુપ્રીમો લાલુ યાદવ અને નીતીશ કુમાર પણ આ સમારોહથી અંતર જાળવી શકે છે. બીજી તરફ ઉદ્ધવ ઠાકરેએ આમંત્રણ ન મળવા પર પાર્ટી તરફથી નારાજગી વ્યક્ત કરી છે. જોકે શરદ પવારને હજુ સુધી આમંત્રણ પહોંચ્યું નથી.

### કોંગ્રેસના નેતા સામ પિત્રોડાના ઈવીએમ પર સવાલ

# ...તો ભાજપને ૪૦૦થી વધુ બેઠક મળશે : સામ પિત્રોડા

## રાહુલ ગાંધીની મણિપુરથી મુંબઈ સુધીની ભારત ન્યાય યાત્રા ખૂબ જ મહત્ત્વપૂર્ણ સાબિત થશે : કોંગ્રેસ નેતા

નવી દિલ્હી, તા.૨૮

લોકસભા ચૂંટણી ૨૦૨૪ માં હાલ ૪ મહિનાનો સમય બાકી છે અને ભાજપે તૈયારીઓ ઝડપી બનાવી છે. જ્યારે કોંગ્રેસ તૈયારીની જગ્યાએ અત્યારથી ઈવીએમ પર સવાલો ઊઠાવા લાગી છે. પાર્ટી નેતા સામ પિત્રોડાએ ગુરુવારે કહ્યું કે જો ઈવીએમની ખામીઓને દૂર કરવામાં નહીં આવે તો ભાજપ ૪૦૦થી વધુ સીટ જીતી જશે.

તેમણે કહ્યું કે આ ચૂંટણી ભારતનું ભાગ્ય નક્કી કરશે. ચૂંટણી પંચ સતત એવા આરોપોને ફગાવી દે છે તેમ છતાં વિપક્ષના નેતા અનેકવાર ઈવીએમ પર સવાલો ઊઠાવતાં રહે છે.

કોંગ્રેસ અને અન્ય વિપક્ષી દળોના નેતા પણ એવી માગ કરે છે કે ઈવીએમથી આવનારા ૧૦૦ ટકા વોટમાં વીવીપેટની વ્યવસ્થા કરવામાં આવે. આટલું જ નહીં વીવીપેટની આ રિસીપ્ટને બોક્સમાં ન રાખવામાં અને એની જગ્યાએ મતદારોને આપવામાં આવે.

તેમણે કહ્યું કે મેં રામમંદિર અંગે જે વાત કહી હતી તેને પણ મારી મચડીને રજૂ કરવામાં આવી. હું એમ કહેવા માગતો હતો કે ધર્મ અંગત મામલો છે અને તેને રાજનીતિ સાથે જોડવામાં ન આવે. મીડિયા રિપોર્ટમાં દાવો કરાયો હતો કે તેમણે કહ્યું હતું કે મને દુઃખ થાય છે કે આખા દેશમાં રામમંદિરને લઈને ચર્ચા થઈ રહી છે. તેમણે રાહુલ ગાંધીની મણિપુરથી મુંબઈ સુધીની ભારત ન્યાય યાત્રા અંગે કહ્યું કે આ ખૂબ જ મહત્ત્વપૂર્ણ સાબિત થશે. આપણે નક્કી કરવું પડશે કે આપણે આપણા દેશનું ઘડતર કઈ રીતે કરવું છે. ૨૦૨૪ની ચૂંટણી ભારતનું ભવિષ્ય નક્કી કરશે.

### અભિનેતાએ રાજકારણમાં પણ કાઠું કાઢ્યું હતું

# ડીએમડીકેના ચીફ વિજયકાંતનું ૭૧ વર્ષની વયે અવસાન થયું

## કોવિડ આવતા અને શ્વાસ લેવામાં તકલીફ પડતી હોવાથી તેમને હોસ્પિટલમાં વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા હતા

ચેન્નાઈ, તા.૨૮

અભિનેતામાંથી રાજનેતા બનેલા ડીએમડીકેના ચીફ વિજયકાંતનું ૭૧ વર્ષની વયે નિધન થયું છે. તેમની પાર્ટીના જણાવ્યા અનુસાર તેમનો કોવિડ રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો અને શ્વાસ લેવામાં તકલીફ પડતી હોવાથી તેમને હોસ્પિટલમાં વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા હતા.

દક્ષિણના સુપરસ્ટાર અને દેસિયા મુરપોક્કુ દ્રવિડ કઝગમ (ડીએમડીકે)ના નેતા વિજયકાંત ચેન્નઈની ખાનગી હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા છે. ગઈકાલે તેમની પાર્ટીએ કહ્યું કે તેમને નિયમિત સ્વાસ્થ્ય તપાસ માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે અને તે સ્વસ્થ છે. આજે તેમનો કોવિડ -૧૯ રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો અને તેમને શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી હોવાથી તેમને ચેન્નઈની ખાનગી હોસ્પિટલમાં વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યા હતા.

ડીએમડીકેના ચીફને ૨૦ નવેમ્બરે પણ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને આ મહિને જ તેઓ હોસ્પિટલમાંથી ઘરે પરત ફર્યા હતા. વિજયકાંતની હોસ્પિટલમાં શ્વાસની બીમારીની સારવારચાલી રહી હતી. તેમણે ૧૫૪ ફિલ્મોમાં અભિનય કર્યો હતો અને તેમની ફિલ્મી સફર શાનદાર રહેતા ઘણી હિટ ફિલ્મો આપી હતી. ફિલ્મો બાદ તેઓ રાજકારણમાં આવ્યા હતા અને તેમણે દેસિયા મુરપોક્કુ દ્રવિડ કઝગમ (ડીએમડીકે)ની સ્થાપના કરી અને વિરુધાચલમ અને ઋષિવંદિયમ મતવિસ્તારનુંપ્રતિનિધિત્વ કરતા બે વખત વિધાનસભાના સભ્ય તરીકે સેવા આપી હતી.

તેઓ ૨૦૧૧ થી ૨૦૧૬ દરમિયાન તમિલનાડુ વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા બન્યા ત્યારે તેમની રાજકીય કારકિર્દી ચરમસીમાએ હતી. હાલના જ વર્ષોમાં વિજયકાંતની તબિયત ખરાબ હતી જેના કારણે તેમને વારંવાર હોસ્પિટલમાં જવું પડતું હતું. આ જ કારણ છે કે તેમણે સક્રિય રાજકારણમાંથી ખસી જવું પડ્યું હતું.

### ખજૂર સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક હોય છે

# છેતરાતાં નહીં! બજારમાં આડેધડ વેચાઇ રહી છે નકલી ખજૂર

## અસલી ખજૂરની મીઠાશ ખૂબ જ નેચરલ હોય છે, તે બહારથી ઓછી અને અંદરથી વધુ મીઠી હોય છે

અમદાવાદ, તા.૨૮

ખજૂર ખાવાથી સ્વાસ્થ્યને અનેક રીતે લાભ મળે છે. દરરોજ તેનું સેવન કરવાથી કબજિયાતથી લઈને કોલેસ્ટ્રોલ સુધીની સમસ્યાઓમાં રાહત મળે છે. આટલું જ નહીં, તે સુગર ક્રેવિંગ માટે પણ એક હેલ્ધી ઓપ્શન છે. આવી સ્થિતિમાં હેલ્થ એક્સપર્ટ તેને ખાવાની સલાહ આપે છે. પરંતુ ધ્યાનમાં રાખો કે જો તમે નકલી ખજૂર ખાઈ રહ્યા છો, તો તમને તેનાથી કોઈ ફાયદો નહીં થાય. જી હા, નકલી ખજૂર માર્કેટમાં ખુલ્લેઆમ અસલી ખજૂરના ભાવે વેચાઈ રહી છે અને કદાચ તમે પણ તેનું સેવન કરી રહ્યા છો.

તેથી, આજે અમે તમને કેટલીક ટ્રિક્સ જણાવી રહ્યા છીએ જેના દ્વારા તમે અસલી અને નકલી ખજૂરને સરળતાથી ઓળખી શકો છો. ઘણા લોકો જંગલી કાચી ખજૂર તોડીને ગોળના પાણીમાં ઉકાળીને નકલી ખજૂર તૈયાર કરે છે. આમ કરવાથી તે અસલી ખજૂરની જેમ સોફ્ટ બની જાય છે. પછી તેને સારી રીતે સૂકવીને માર્કેટમાં વેચવામાં આવે છે. અસલી ખજૂર ખારેક કરતાં વધુ જાડી અને વધુ ગર વાળી હોય છે.

આવી સ્થિતિમાં, ખજૂર ખરીદતા પહેલા, તેનું કાળજીપૂર્વક નિરીક્ષણ કરો. જો તમને ખજૂર થોડી પણ સૂકી લાગે છે, તો પછી તેને ન ખરીદવી વધુ સારું છે. અસલી ખજૂરની મીઠાશ ખૂબ જ નેચરલ હોય છે. તે બહારથી ઓછી અને અંદરથી વધુ મીઠી હોય છે. ધ્યાનમાં રાખો કે અસલી ખજૂર એટલી મીઠી નથી હોતી કે તેની આસપાસ કીડીઓ ફરવા લાગે. આવી સ્થિતિમાં, જો ખજૂર બહારથી મીઠી લાગે અથવા તમે તેના પર કીડીઓ ફરતી જુઓ તો સમજો કે તે નકલી છે. જો તમે ખજૂર અસલી છે કે નકલી તે જાણવા માંગતા હોવ તો તેને થોડી વાર પાણીમાં પલાળી રાખો. જો ખજૂરમાંથી રંગ નીકળવા લાગે તો સમજવું કે ખજૂર નકલી છે.

### લોકસભા ચૂંટણીના કારણે વહેલું શરુ થશે

# પહેલી ફેબ્રુઆરીથી ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર

## વાયબ્રન્ટ સમિટ-૨૪ના આયોજનને લઇ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું

ગાંધીનગર, તા.૨૮

ગુજરાત વિધાનસભાના બજેટ સત્રને લઈ મોટા સમાચાર આવ્યા છે. લોકસભા ચૂંટણીના કારણે બજેટ સત્ર વહેલા શરૂ કરાશે. ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર પહેલી ફેબ્રુઆરીથી શરુ થશે અને સાત માર્ચ સુધી ચાલશે. લોકસભા ચૂંટણીના કારણે બજેટ સત્ર વહેલું શરુ થશે.

વોટ ઓન એકાઉન્ટના બદલે પૂર્ણ કક્ષાનું બજેટ રજૂ કરાશે. આ સાથે ગત વર્ષની તુલનામાં ગુજરાતના બજેટના કદમાં ૨૦ થી ૨૫ ટકા વધારાની શક્યતા છે. ઉલ્લેખનીય છે કે ગત વર્ષ ૨૦૨૩-૨૪માં ગુજરાતનું અંદાજપત્ર ૩ લાખ કરોડ હતું. વાયબ્રન્ટ સમિટ ૨૦૨૪ના આયોજનને લઈ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. વાયબ્રન્ટ સમિટના આયોજનને લઈ રોડ રસ્તા બંધ રહેવા મુદ્દે ગાંધીનગર કલેક્ટરે જાહેરનામું બહાર પાડ્યું છે. ગાંધીનગરનો જ રોડ અને ખ શૂન્યથી ખ-ફાઈવ સુધીનો રોડ જાહેર જનતા માટે બંધ રહેશે.

વાવોલ ગામથી ગાંધીનગરમાં પ્રવેશતા રસ્તાઓ ૯થી ૧૩ જાન્યુઆરી સવારના છથી રાતના ૧૧ વાગ્યા સુધી બંધ રહેશે. ગ રોડ અને જ રોડ સામાન્ય ટ્રાફિક વ્યવહાર માટે બંધ રાખવાનો પણ મહત્વનો નિર્ણય લીધો છે. જાહેરનામા અનુસાર, ૯ થી ૧૩ જાન્યુઆરી સુધી આ રસ્તાઓ બંધ રહેશે જેને લઈ જાણકારી આપવામાં આવી છે.

ચ (૦) થી ચ (૫) રોડને નો પાર્કિંગ ઝોન પણ જાહેર કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ગ, ઘ, ચ, ખ અને જિલ્લા પંચાયતથી સેક્ટર ૧૭ અને સેક્ટર ૧૬ તરફ જતા રસ્તા પર પણ નો પાર્કિંગ ઝોન જાહેર કરવામાં આવ્યા છે.

સર્કિટ હાઉસથી ઝીમ ખાના તરફ અને જિલ્લા પંચાયત તરફનો રોડ નો પાર્કિંગ ઝોન જાહેર કરાયા છે. શહેરમા રોડ નંબર ૭ સુધી તમામ ભારે વાહનો માટે પ્રતિબંધિત રહેશે.

સવારે ૬થી રાતના ૧૧ વાગ્યા સુધી ભારે વાહનો પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આ જાહેરનામાં મુજબ સેન્ટ્રલ વિસ્તાર રોડ પણ નો પાર્કિંગ ઝોન રહેશે. શહેરમાં રોડ નંબર ૭ સુધી તમામ ભારે વાહનો માટે પ્રતિબંધિત રહેશે. સવારે ૬ થી રાત ના ૧૧ વાગ્યા સુધી ભારે વાહનો પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. જ રોડ સામાન્ય જનતા માટે પ્રતિબંધિત રહેશે.

### યમુનાજીનાં સામૈયા, ઢાઢી લિલા સહિતનાં કાર્યક્રમ વચ્ચે

# ધરાઈ : બાલમુકુંદ હવેલી ખાતે ૭મી જાન્યુ.એ છપ્પનભોગ મનોરથ યોજાશે

### મોટી સંખ્યામાં વૈષ્ણવજનો દર્શનનો લાભ લેશે

અમરેલી, તા. ૨૮

બાબરા તાલુકાનું ધરાઈ ગામ જયાં વૈષ્ણવ સંપ્રદાયમાં ભગવાન શ્રી કૃષ્ણનું બાળ સ્વરૂપ એટલે કે શ્રી બાલમુકુંદજી બિરાજે છે. પુષ્ટિ સંપ્રદાયમાં માનતા ભગવાન શ્રી બાલમુકુંદજીને આગામી તારીખ ૭ જાન્યુઆરીનાં રોજ છપ્પનભોગ ધરાવાનું આયોજન રાજકોટનાં મઘડિયા તેમજ ઘાઘડા પરિવાર દ્વારા કરવામાં આવ્યું છે.

વૈષ્ણવ સંપ્રદાયમાં અતિ મહત્વનાં આ મનોરથમાં હજારો વૈષ્ણવો દર્શન તેમજ ભોજન પ્રસાદનો લાભ લેશે.

આ દિવસે સવારથી જ વિવિધ કાર્યક્રમ ઉત્સવની ભરમાર રહેશે. જેમાં યમુનાજીનાં સામૈયા, હાલારી રાસ ગરબા, ઢાઢી લીલા અને પછી છપ્પનભોગનાં દર્શન અને બાદમાં ભોજન પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

આ પ્રસંગને સફળ બનાવવા શ્રી બાલમુકુંદ હવેલી ટ્રસ્ટ અને ૨૦૦ સ્વયમ્ સેવકો દ્વારા વ્યવસ્થા જાળવવામાં આવશે. છપ્પનભોગનાં દર્શન તથા ઉત્સવને લઈ તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

આ અલૌકિક મનોરથ દરમ્યાન પધારનાર વૈષ્ણવ માટે વાહન પાર્કિંગ, દર્શન, ભોજન પ્રસાદની વ્યવસ્થા, સલામતી માટે સ્વયમ્ સેવકો તેમજ પોલીસ દ્વારા કરવામાં આવેલ છે. જયારે મેડિકલ સુવિધા આરોગ્ય તંત્ર સંભાળશે.

શુદ્ધ ઘીમાંથી શ્રી બાલમુકુંદજીને ભોગ ધરવા માટેની સામગ્રી સ્પેશ્યલ ૧૦ રસોયા દ્વારા તેમજ હજારો વૈષ્ણવોને ભોજન પ્રસાદ માટેની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. આ પ્રસંગનો લાભ લેવા તેમજ આ અંગે આપની સેવા, ભેટ કે સામગ્રી પધરાવવા મુખ્યાજી વિરલભાઈ ૯૯૭૮૯૬૪૯૦૦ અને જયભાઈ ૯૮૨૫૫૮૭૨૦૭ નો સંપર્ક કરવા જણાવાયું છે.

### તાલુકા કાનુની સેવા સમિતિ તથા ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા

# જાફરાબાદ ખાતે કાનુની શિક્ષણ શિબિર યોજાઈ

### વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા

જાફરાબાદ, તા. ૨૮

રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસની ઉજવણી સપ્તાહનાં ભાગ રૂપે તથા તાલુકા કાનુની સેવા સમિતિ બન્નેનાં સંયુકત ઉપક્રમે જાફરાબાદ તાલુકાની કડીયાળી ગામે સરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળામાં ગ્રાહકનાં અધિકારો, મફત કાનુની સહાય તથા તાલુકા કાનુની સેવા સમિતિનાં કાર્યો વિશે પ્રવકતા તરીકે પેનલ એડવોકેટ બાલકૃષ્ણભાઈ સોલંકી દ્વારા ગ્રાહક સુરક્ષા ધારાની મહત્વની જોગવાઈઓ વિશે તથા ગ્રાહકોનાં અધિકારો વિશે ઉદાહરણ સહિત ઉપયોગી માહિતી વિદ્યાર્થીઓને પુરી પાડવામાં આવેલ


તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

હતી. તેમજ હાલનાં ઓનલાઈન નાણાકીય વ્યવહારો સાઈબર છેતરપીંડીથી કઈ રીતે બચી શકાય તે અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યાં હતાં. જેનો વિદ્યાર્થીઓએ બહોળી સંખ્યામાં લાભ લીધો હતો તેમજ શિબિરનાં અંતે મફત કાનુની સહાય તથા ગ્રાહક સુરક્ષા અંગેની માહિતી આપતી પત્રીકાઓનું પણ વિતરણ કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં શાળાનાં શિક્ષક ગણ પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

# ઉતરાયણ તહેવાર દરમિયાન ચાઈનીઝ માંઝા, ચાઈનીઝ તુક્કલ, નાઈલોન પ્લાસ્ટિક દોરી, કાચ પીવરાવેલી દોરી પર પ્રતિબંધ

અમરેલી તા. ૨૮

આગામી દિવસોમાં આવી રહેલા ઉતરાયણ તહેવારને લઈને ચાઈનીઝ માંઝા, તુક્કલ, નાઈલોન પ્લાસ્ટિક દોરી, કાચ પીવરાવેલી દોરી પર અમરેલી જિલ્લામાં પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામું ફોજદારી કાર્યરીતિ અધિનિયમ–૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) કલમ–૧૪૪ અંતર્ગત અમરેલી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

ચાઈનીઝ માંઝા, તુક્કલ, નાઈલોન પ્લાસ્ટિક દોરી, કાચ પીવરાવેલી દોરી તેમજ અન્ય હાનિકારક પદાર્થોથી કોટીંગ કરેલ દોરી ઉપરાંત પતંગ ચગાવવા માટે અન્ય હાનિકારક પદાર્થો જેમ કે, સિન્થેટિક માંઝા અથવા ધાતુના તાર કે મેગ્નેટિક ઓડીયો ટેપનો ઉપયોગ પ્રતિબંધિત છે.

આ પ્રકારની સામગ્રી કોઈ વેપારી, વ્યકિત કે સંસ્થાએ ખરીદ, વેચાણ, બક્ષિસ કે ભેટ સ્વરૂપે મેળવવો કે ઉપયોગ કરવો નહીં. જાનનું જોખમ થાય તે રીતે કોઈપણ વ્યકિતએ જાહેરમાર્ગો, રસ્તા, ફૂટપાથ તેમજ ભયજનક હોય તેવી અગાસી પર પતંગ ઉડાવવા કે પકડવા દોડવું નહી. જનતાની લાગણી દુભાય તે રીતે પતંગ ઉપર ઉશ્કેરણીજનક લખાણ લખવા નહીં, જાહેરમાર્ગો ઉપર પશુઓ માટે ઘાસચારો વેચાણ કરવા ઉપરાંત ગાય કે, પશુઓને ઘાસચારો નાંખી ટ્રાફિક અવરોધ ઉભો કરવો નહીં.

જાહેર જનતાને ત્રાસ થાય તે રીતે ખૂબ જ મોટા અવાજમાં લાઉડ સ્પીકર વડાડવા નહીં. આ જાહેરનામું તા.૧૫ ડિસેમ્બર, ૨૦૨૪ના દિવસ સુધી અમલી રહેશે.

જાહેરનામાનો ભંગ કરનાર ધ ઈન્ડિયન પીનલ કોડ કલમ–૧૮૮ અંતર્ગત સજાને પાત્ર થશે.

# રાજુલા : શ્રીમતી એચ.બી. સંઘવી મહિલા આર્ટસ તથા કોમર્સ કોલેજનાં એન.એસ.એસ. વાર્ષિક કેમ્પનો ધારેશ્વર ખાતે પ્રારંભ

રાજુલા, તા. ૨૮

શ્રીમતી એચ.બી.સંઘવી મહિલા કાલેજનાં એન.એસ.એસ. યુનિટ એક તથા બે નો વાર્ષિક કેમ્પ ધારેશ્વર ગામમાં કાલેજ કેમ્પસ ડાયરેકટર ડો. જીજ્ઞેશ ભાઈ વાજાના અધ્યક્ષ સ્થાને ઉદ્દ્ઘાટન સમારંભ યોજાયો. અતિથિ વિશેષ કેમ્પસ મેનેજર રવિભાઈ વ્યાસ તથા સેક્રેટરી બાલકૃષ્ણભાઈ ત્રિવેદી તથા સરપંચ દિલીપ ભાઈ સોજીત્રા તથા છત ડી યા ઉપ સરપંચ વીરભદ્રભાઈ ડાભીયા, આચાર્યા હિરલબેન ઠાકર, વાઈસ પ્રિન્સિપાલ રાજુભાઈ મકવાણા તથા સીએમસી કમિટી અધ્યક્ષ હિતેશ ભાઈ શાહ તથા કારોબારી સભ્ય ગિરધર ભાઈ ઉનાગર તથા કાન્હા વિશ્વ વિદ્યાલયનાં ટ્રસ્ટી પરેશભાઈ જોશીનાં અતિથિ વિશેષ સ્થાને યોજાયો.

કાર્ય ક્રમની શરૂઆત ભાવમયી પ્રાર્થના બાદ મહેમાનોનાં હસ્તે દીપ પ્રાગટ્ય બાદ પુષ્પગુચ્છથી સ્વાગત બાદ પ્રિન્સિપાલ ડો. રીટાબેન રાવલ શાબ્દિક સ્વાગત બાદ



એન.એસ.એસ ટીમ તથા ધારેશ્વર પ્રાથમિક શાળાના સંયુકત ઉપક્રમે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો. પ્રોગ્રામ ઓફીસર જાગૃતિબેન તેરૈયા દ્વારા એન એસ.એસ. વાર્ષિક કેમ્પનું પ્રયોજન હેતુ તથા પ્રવૃત્તિની રૂપરેખા પ્રસ્તુત કરવામાં આવી. મહિલા શકિત કરણ અને ગૌ આધારિત પ્રાકૃતિક ખેતીનાં શીર્ષકને સમાજ સમક્ષ મૂકવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રોગ્રામ ઓફીસર પ્રોફેસર ડો.સોનલ બેન ઝાપડિયા દ્વારા કરવામાં આવેલ. એન.એસ એસ.ટીમ દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ.

### મનોજ ભગવાન અને તૃપેશ ભગવાન વિરૂદ્ધ ફરિયાદ થતાં

# દિવના વણાંકબારા વિસ્તારમાં માચ્છીમારો સાથે છેતરપીંડી કરનાર બે શખ્સો સામે કોર્ટે સમન્સ પાઠવ્યા

### બન્ને વેપારીબંધુ માચ્છીમારોનાં નાણાથી તાગડ ધિન્ના કરતા હતા

ઉના, તા.૨૮

દિવનાં વણાકબારાં ગામમાં વસતા અને દરિયામાં જીવનાં જોખમે દિવસ રાત કાળી મજૂરી કરતા માછીમારોનાં કરોડો રૂપિયા ચાઉ કરી જનાર અને તેમની સાથે છેતરપિંડી કરી વિશ્વાસઘાત કરનાર અને સજજનતાનું મુખોટું પહેરી શાસક પક્ષમાં ઉચ્ચ હોદ્દો ધરાવતાં કાર્યકર સાથે ગાઢ મિત્રતા કેળવી મરછીનાં વ્યવસાયમાં સંકળાયેલ મનોજ ભગવાન ઉર્ફે મનોજ ભિસ્તી ઉર્ફે મનોજ ભૂરિયો તથા તેનો ભાઈ તૃપેશ ભગવાન દ્વારા દિવનાં વણાકબારાં ગામનાં સ્થાનિક માછીમારો ૧.ઉમેશ લાખા ઉર્ફે ઉકરડા લાખા (ગીતા સી ફુડ્સ પાર્ટનર) ૨.કિશન દેવજી બારીયા (જય જલારામ સી ફૂડ પાર્ટનર) ૩. ધનજી લાખા ( ગોલ્ડ ફિશ સેન્ટર) ૪.ઉપાસના ભાવેશ સોલંકી ( જય લક્ષ્મીનારાયણ સી ફૂડ) પાસેથી મોટાં જથ્થામાં માછલીઓ ખરીદ કરવામાં આવેલ હોય અને મુદ્દત વિતી ગયા પછી પણ તેઓને તેમની મચ્છીનાં નાણાં નમળતાં તેઓએ પોતાની નાણાંની ઉઘરાણી કરતાં કહેવાતાં માથાભારે તેમજ પોતાની જાતને વગદાર ગણાવતાં ઈસમે આ ચાર મહેનતકશ ઈસમોને તતડાવીને થાય તે કરી લેવાની ધમકી આપીને કાઢી મુકવામાં આવ્યા હતાં.

વણાંકબારાં રહેતાં આ ચારેય પીડિતોએ તેઓનાં મરછીના નાણાંની ઉઘરાણી માટે વેપારીને ખૂબ જ આજીજી કરવા છતાં આ કહેવાતા જથ્થાબંધ મચ્છીનાં વેપારીએ તોરમાં આવી આ ગરીબ અને મહેનતકશ માછીમારો સાથે ખૂબ જ તોછડાઈ ભર્યુ



વર્તન કરેલ હોય તેમજ આ મારછી આપનારા ચારેય વેપારીઓએ તેઓનાં નાણાં બાબતે સરકારી મશીનરીમાં કાર્યરત સંબંધિત અધિકારીઓને આ વિશે જાણ કરી આવા જથ્થા બંધ મરછીનો વેપાર કરતાં ઈસમ અને તેનાં સગાભાઈ સામે કડક પગલાં લઈ ગરીબ માછીમારોનાં કાળી મજૂરીના નીકળ તાં પૈસા અપાવવામાં મદદ કરવા ભલામણ કરેલ અને આ કહેવાતાં મોટાં દેણદાર વેપારીનાં શાસકપક્ષનાં વગદાર રાજકીય મિત્ર, પોલિસમાં પણ ખૂબ જ દોડધામ કરેલ અને ફરિયાદ દાખલ કરી યોગ્ય કાર્યવાહી કરવા વિનંતીઓ કરેલ પરંતુ ગરીબ માછીમારોનાં નાણાં હડપ કરનાર ઈસમ પાસેથી નાણાં નહીં જ વસૂલાય તેમ જણાઈ આવતાં દિવનાં વણાંકબારાંનાં ૧. ઉમેશ લાખા ઉર્ફે ઉકરડા લાખા (ગીતા સી ફુડ્સ પાર્ટનર) ૨.કિશન દેવજી બારીયા (જય જલારામ સી ફૂડ પાર્ટનર) ૩.ધનજી લાખા ( ગોલ્ડ ફિશ સેન્ટર) ૪.ઉપાસના ભાવેશ સોલંકી ( જય લક્ષ્મીનારાયણ સી ફૂડ)નાં ઓએ દિવ કોર્ટનાં ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટ સમક્ષ ઈ.પી.કો. કલમ ૪૨૦, ૪૦૬ હેઠળ ફરિયાદ કરતાં નામદાર કોર્ટ દ્વારા આ કહેવાતાં દેણદાર ઈસમો મનોજ ભગવાન ઉર્ફે મનોજ ભિસ્તી ઉર્ફે મનોજ ભૂરિયો અને તૃપેશ ભગવાન સામે સમન્સ/વોરંટ કાઢવામાં આવતાં આ દેણદાર ઈસમોએ કોર્ટ સમક્ષ ઉપસ્થિત થઈ આ ફરિયાદ કેસમાં જામીન પણ મેળવી લીધેલ હોય અને આ કેસની આગામી મુદ્દત તા.૨૪ જાન્યુઆરી ૨૦૨૪ નાં રોજ કહેવાતાં આ દેણદાર ઈસમોને કોર્ટમાં ઉપસ્થિત રહેવા તાકીદ કરવામાં આવેલ છે. વધુમાં જાણવા મળતી માહિતી મુજબ આ જથ્થાબંધ મરછીનાં વેપારીએ લોકો સાથે છેતરપિંડીમાં હદ વટાવી દીધી હોય તેમ તેઓને મરછી આપનાર એક ગરીબ માછીમારને તેનાં માંગતા નાણાંની બદલામા દિવનાં નાયડા વિસ્તાર અંદર આવેલ 'નો ડેવલપમેન્ટ ઝોન'ની જમીન નાં લખાણ કરી આપેલ છે અને દિવમાં જ વસતાં આ બંને જથ્થાબંધ મરછીનાં વેપારીઓએ આ રીતે ઘણાં ગરીબ માછીમારોને છેતર્યા છે અને પોતે મોજ શોખ વાળી જિંદગી જીવી રહ્યા છે.

### નાયબ દંડક કૌશિક વેકરિયાએ અનુરોધ કર્યો

# સનેડાની ખરીદી માટે કૃષિ સહાય મેળવવા માંગતા ખેડૂતો આઈ ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરે

### આવતીકાલથી એક મહિના સુધી અરજી થઈ શકશે

અમરેલી, તા.૨૮

ગુજરાત સરકારે ખેડૂતોને સનેડો નામનું કૃષિ સાધન ખરીદવા માટે માટે કૃષિ સહાય આપવા માટેની યોજનાનો અમલ કર્યો છે ત્યારે હવેથી ખેડૂતો સનેડા નામનું કૃષિ સાધન ખરીદ કરશે તો આવા ખેડૂતોને સનેડાની ખરીદી ઉપર સહાય મળી શકશે.

રાજયના ખેડૂતોને ખેતીવાડી ખાતા દ્વારા સનેડો સાધનની ખરીદી ઉપર નાણાકીય સહાય આપવાની યોજનાની અરજીઓ કરવા માટે ખેડૂતે આઈ ખેડૂત પોર્ટલ ઉપર જઈ અને અરજી કરવાની રહેશે. ખેડૂત આ અરજી તા.૨૯ ડિસેમ્બર ૨૦૨૩ના સવારના ૧૦ :૩૦ કલાકથી તા. ૨૮ જાન્યુઆરી ૨૦૨૪ સુધી ઓનલાઈન પોતાની અરજી કરી શકશે.નાણાકીય લક્ષ્યાંકની૧૧૦% મર્યાદામાં વહેલા તે પહેલાના ધોરણે આવી અરજીઓ સ્વીકારવામાં આવશે. જેથી ખેડૂતોને અરજી કરવા માટે અમરેલીનાં ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયાએ અપીલ કરી છે. જે ખેડૂત આ યોજનાનો લાભ મેળવવા માગતા હોય એમણે અરજી વખતે ૮–અ, આધારકાર્ડની નકલ અને બેંક પાસબુકની વિગત સામેલ રાખવાની રહેશે એમ પણ કૌશિક વેકરિયાની અખબારી યાદીમાં જણાવવામાં આવેલ છે.


### દેશી કુળની ગાયનાં ગૌમુત્રનું વૈજ્ઞાનિક, તબીબી મૂલ્ય

# ગૌમૂત્રનું સેવન કરશે અનેક રોગોનું નિકંદન

ગાયનાં દૂધનું જેટલું મહત્વ છે તેટલું જ ગૌમૂત્રનું પણ મહત્વ છે. પ્રાચીનકાળથી જ હિન્દુ ધર્મમાં ગાયને માતા કહેવામાં આવે છે. ગાયનું દૂધ, તેનું ઘી, તેનું છાણ વગેરે વસ્તુઓ આપણા શરીરને સ્વસ્થ રાખે છે, એટલું જ નહીં પરંતુ ગાયનું ગૌમૂત્ર પણ આપણા સ્વાસ્થ્ય માટે એટલું જ લાભદાયી છે. ગાયનું મૂત્ર આપણને રોગમુકત બનાવે છે. આપણા દેશમાં ગાયો ઘણા બધા પ્રકારની જોવા મળે છે, પરંતુ દેશી ગાયનું ગૌમૂત્ર શ્રેષ્ઠ હોય છે. તેના મૂત્રમાં વધારે માત્રામાં ઔષધીય ગુણો જોવા મળે છે.

પ્રાચીનકાળથી જ ગૌમૂત્રનો ઉપયોગ એક ઔષધી તરીકે કરવામાં આવે છે. ગૌમૂત્ર જીવાણુનાશક હોય છે અને તેમાં નાઈટ્રોજન, કોપર, ફોસ્ફેટ, પોટેશિયમ અને યુરિક એસિડ જેવા મહત્વનાં અનેક ઘટકો રહેલા હોયછે. જે ઘણા રોગોને દૂર કરી આપણું શરીર સ્વસ્થ રાખવામાં મદદ કરે છે. નિયમિત રીતે ગૌમૂત્રનું સેવન કરવાથી રોગપ્રતિકારક શકિત વધે છે અને લોહી શુદ્ધ થાય છે. તે મગજ અને હૃદય બંનેને શકિતશાળી બનાવે છે. જો કે કયારેય ગર્ભવતી હોય તેવી મહિલાએ ગાયનું મૂત્ર પીવું ન જોઈએ.આ ઉપરાંત એક સ્વસ્થ વ્યકિ એ ૪૫ ગ્રામ, તેમજ બીમાર વ્યકિએ ૧૦૦ ગ્રામ ગૌમુત્રનું સેવન કરવું. તેનાથી વધારે સેવન કરવું નહીં. જો વધુ સેવન કરો તો શરીરને નુકસાન પણ થઈ શકે છે. ગાયનું ગૌમૂત્ર હંમેશા કાચ અથવા માટીના વાસણમાં જ લેવું જોઈએ ત્યારબાદ તેને સ્વચ્છ કપડાંથી ત્રણવાર ગાળી લેવું અને એક કપના ચોથા ભાગ જેટલા ગૌમૂત્રનો સેવન સવારે ખાલી પેટ કરવું જોઈએ.

કેન્સર કરક્યુમીન નામના તત્વની ઉણપથી થાય છે. આ તત્વ ગૌમૂત્રમાં ભરપુર માત્રામાં હોય છે.



તેથી તે ગળાનું, પેટનું તથા અન્નનળીનું કેન્સર મટાડવામાં મદદ કરે છે. ટી.બી.નાં દર્દી માટે પણ ગૌમૂત્ર લાભદાયી છે. જો કોઈ વ્યકિતને ટીબી હોય તો ગૌમૂત્રનાં ડોઝ દ્વારા નવ મહિનામાં ટીબી ખતમ થઈ જાય છે. જયારે ગૌમૂત્રનાં નિયમિત સેવનથી તેને ત્રણ થી છ મહિનામાં દૂર કરી શકાય છે. આપણા શરીરમાં સલ્ફર તત્વની ઉણપથી આપણને ત્વચા સંબંધી અલગ અલગ રોગો થતા હોય છે. જો ગૌમૂત્રનું નિયમિત સેવન કરવામાં આવે તો ત્વચા સંબંધી કોઈપણ રોગ દૂર કરી શકાય છે. આ ઉપરાંત ત્રિફળા અને ગૌમૂત્રનું એકસાથે સેવન કરવાથી એનિમિયાની સમસ્યાને દૂર કરી શકાય છે. આ ઉપરાંત વાત, પિત્ત અને કફ ત્રણેય નિયંત્રિત કરવા માટે માત્ર એક ગૌમૂત્ર જ કાફી છે. નિયમિત પણે ખાલી પેટ ગૌમૂત્રનું સેવન કરવાથી વાત, પિત્ત અને કફ આ ત્રણેય સમસ્યાઓનું નિવારણ લાવી શકાય છે. ગૌમૂત્રનો સૌથી મોટો ફાયદો એ છે કે તે શરીરની વધારાની ચરબીને ઓગાળી નાખે છે અને આપણને સ્લીમ તથા સુંદર બનાવવામાં પણ મદદરૂપ થાય છે. તે માટે ચારથી પાંચ ટીપાં ગૌમૂત્ર લેવું. તેમાં બે ચમચી મધ અને એક ચમચી લીંબુનો રસ ઉમેરવું અને મિકસ કરીને તેનું નિયમિત રીતે સવારે ખાલી પેટે સેવન કરવું. તેનાથી પેટ ઘટે છે અને શરીરની ચરબી પણ ઘટાડે છે.

– મિત્તલ ખેતાણી
(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

### ગૌપ્રેમી કાંતિભાઈ અકબરીનું પ્રેરણાદાયી કાર્ય

# સાવરકુંડલાનાં ભુવા ગામે ગાયનાં મૃત્યુ બાદ સમાધી આપી ૨૦૦ વ્યકિતને ભોજન કરાવ્યું

### અનેક વ્યકિતઓ શાસ્ત્રોકત વિધિ કરતા હોય છે

અમરેલી, તા.૨૮

હિન્દુ સંસ્કૃતિમાં ગાયને માતાનો દરજ્જો આપવામાં આવ્યો છે. આજે ગામડામાં દરેક ઘરે ગાય જોવા મળે છે. એટલું જ નહીં ગાયને માતાની જેમ રાખવામાં આવે છે. ગાયના મૃત્યુ પછી પણ અનેક લોકો શાસ્ત્રોક્ત વિધિ કરે છે.

આવા અનેક કિસ્સાઓ સામે આવતા હોય છે. ત્યારે અમરેલી જિલ્લામાં ગાય પ્રત્યેના પ્રેમનો અદ્ભુત કિસ્સો સામે આવ્યો છે. ભુવા ગામમાં ગાયના મૃત્યુ બાદ માલિકે ગાયને સમાધી આપી હતી. તેમ સત્સંગ અને જમણવારનું આયોજન કર્યું હતું. સાવરકુંડલાનાં ભુવા ગામનાં કાંતિભાઈ અકબરીનો ગાય પ્રત્યેનો પ્રેમ અનોખો છે. કાંતિભાઈએ ગાય રાખી હતી. ગાયનું મૃત્યુ થતા ગાયને સમાધી આપવામાં આવી હતી. આ અંગે કાંતિભાઈએ જણાવ્યું હતું કે, આપણે માતાનું દૂધ બે કે ત્રણ વર્ષ સુધી પીએ છીએ.

પરંતુ આ ગાયનું દૂધ ૧૬ વર્ષ સુધી પીધું હતું. આ ગાય મારા માતા સમાન હતાં. અંત સુધી ગાયને સાચવી હતી. ગાયનું ૨૫ વર્ષ અને ત્રણ મહિનાની ઉંમરે નિધન થયું હતું. નિધન બાદ ગાયને સમાધી આપવામાં આવી હતી. તેમજ ગાયના સ્મરણાર્થે ભજન, ભોજન અને કિર્તનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાંતિભાઈએ વધુમાં જણાવ્યું હતું કે, ગાયની ઉંમર ૨૫ વર્ષની થઈ હતી. મોટી ઉંમરને કારણે ગાયને ઉભા રહેવામાં અને બેસી ગયા બાદ ઉભા થવામાં તકલીફ પડતી હતી. એટલે કે ઘોડી તૈયાર કરી હતી. આ ઘોડીની મદદથી ગાયને હલચલન કરાવવામાં આવતું હતું. તેમજ બે સમય ગાયના પગ ગરમ પાણીથી ધોવામાં આવતા હતાં.

આ ગાય પરિવારના સભ્યા સમાન હતી. ગાયના અંતિમ સમય સુધી તેની કાળજી લેવામાં આવી હતી. ગાયનાં મૃત્યુ બાદ કાંતિભાઈએ ધાર્મિક વિધિ કરી હતી. તેમજ કાંતિભાઈએ ગામમાં ૨૦૦ લોકોનું જમણવાર કર્યું હતું. તેમજ ગાયના સ્મરણાર્થે એક દિવસ કથાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. કાંતિભાઈના ગાય પ્રત્યેના પ્રેમની ભારે ચર્ચા થઈ હતી.

### ઓર્થોપેડિક ડોકટર ટીમ દ્વારા

# અમરેલીની શાંતાબા મેડિકલ હોસ્પિટલમાં ૧૦૦થી વધુ વ્યકિતઓનાં ઘુંટણ બદલવાનાં ઓપરેશન થયા

### ગરીબ દર્દીઓમાં હિતમાં શ્રેષ્ઠ કામગીરી

અમરેલી, તા. ૨૮

વર્ષ ૨૦૧૯ માં અમરેલી જિલ્લાને મેડીકલ કોલેજ મળતા ગજેરા ટ્રસ્ટ દ્વારા અમરેલી સિવિલ હોસ્પિટલમાં ધરખમ સુધારાઓ કરવામાં આવ્યા. જેના ભાગરૂપે નવી નિર્માણ કરેલ હોસ્પિટલ બિલ્ડીંગમાં અતિ આધુનિક મોડયુલર ઓપરેશન થીએટર બનાવવામાં આવેલ છે. જેમાં શાંતાબા જનરલ હોસ્પિટલના નિષ્ણાંત ઓર્થોપેકડીક સર્જન ડો. નિશાંત સુવાગીયા અને ડો. યાજ્ઞિક ભુવા દ્વારા ૧૦૦ કરતા વધુ ઘુંટણ બદલવાનાં ઓપરેશનો સફળતાપુર્વક પાર પાડવામાં આવેલ છે. ડોકટરોની ટીમ દ્વારા સવારે સાંધા બદલવાનું ઓપરેશન કરી સાંજે પેશન્ટને દુઃખાવા વગર ચાલતા કરી દેવામાં આવ્યા હતા. ડો. નિશાંત સુવાગીયા અને ડો. યાજ્ઞિક ભુવા અન્ય ઓપરેશનો જેવા કે થાપા બદલવાનાં ઓપરેશન, સુક્ષ્મ ચીરા દ્વારા જર્મન પધ્ધતિથી ઓપરેશન, સળીયા નાખવાનાં અને પ્લેટ બેસાડવાનાં



ઓપરેશનો તથા અન્ય કોઈપણ પ્રકારનાં ફેકચર અને હાંડકાને લગતા ઓપરેશન તથા સારવારનો દર્દીને બહોળા પ્રમાણમાં લાભ મળી રહેલ છે. ઓપરેશન બાદ જરૂરી કસરતો માટે હોસ્પિટલ ખાતે જ ઉપલબ્ધ ફિજીયોથેરાપી ડીપાર્ટમેન્ટનો પણ દર્દીઓને લાભ મળી રહે છે.

શાંતાબા જનરલ હોસ્પિટલ અમરેલીનાં મેનેજમેન્ટ કર્તા ભરતભાઈ ધડુકનાં જણાવ્યા મુજબ આ તમામ ઓપરેશનો સરકારની PM-JAY યોજના અંતર્ગત સંપુર્ણ ફ્રિમાં કરવામાં આવેલ છે અને હોસ્પિટલ ખાતે દાખલ તમામ દર્દીને દવા, રીપોર્ટસ, ઓપરેશનો અને સાથે સાથે જમવાની સુવિધા પણ હોસ્પિટલ દ્વારા ફ્રીમાં પુરી પાડવામાં આવે છે તથા સાવ નજીવા સરકાર માન્યદરે લોકોને સી.ટી. સ્કેનની સુવિધા પણ મળી રહે છે. ડો. નિશાંત સુવાગીયા અને ડો. યાજ્ઞિક ભુવા તથા તેમની ટીમને ૧૦૦ ઓપરેશનનો માઈલસ્ટોન પાર કરવા બદલ અમરેલીની જનતા અને સંસ્થાનાં ચેરમેન વસંતભાઈ ગજેરાએ ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા.

# અમરેલીના સેવાના માણસ ''મુકેશ સંઘાણી''નાં જન્મદિને અનેક સંસ્થાઓ દ્વારા સેવાકાર્યો



અમરેલીના અગ્રેસર યુવા આગેવાન સેવાકાર્યના પ્રહરી મુકેશ સંઘાણીના ૫૧માં જન્મ દિવસને અમરેલી ખાતે અનેક સંસ્થાઓએ લોકસેવાના કાર્યોથી ઉજવીને સેવાના માનવી મુકેશ સંઘાણી પ્રતિકૃતજ્ઞતા વ્યકત કરી છે જેમાં લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા હનુમાન પરાના રેલ્વે ક્રોસીંગ પાસે ભુલકાઓને બટુક ભોજન પીરસવામાં આવેલ, સરદાર ધામ સંસ્થા દ્વારા અમરેલીના મણિનગર વિસ્તાર સ્થિત માનસિક વિકાસ કેન્દ્રમાં નિવાસ કરતા લોકોને બપોરનું આત્મીય ભોજન કરાવવામાં આવેલ તેમજ કુંકાવાવ રોડ ઉપર ધાબળા વિતરણ કરવામાં આવેલ જયારે અમરેલી જિલ્લા ખોડલ ધામ મહિલા સમિતિ દ્વારા વિધવા બહેનોને રાશનકીટ અર્પણ કરવામાં આવી હતી. આમ વિવિધ માનવ સેવાકિય પ્રવૃતિ સાથે મુકેશ સંઘાણીના જન્મ દિવસને યાદગાર બનાવવામાં આવેલ. આ તકે ઉપસ્થિત સંસ્થાના આગેવાનોએ પણ મુકેશ સંઘાણીની માનવ સેવાની સરાહના સાથે અભિનંદન પાઠવ્યા હતા. તેમ સંસ્થાઓની અખબારી યાદીમાં જણાવેલ છે.

### આગામી રવિવારે

## વડિયા કુંકાવાવ તાલુકા ત્રીપાંખ સાધુ સમાજનું સ્નેહ મિલન યોજાશે

### ત્રીપાંખ સાધુ સમાજને ઉપસ્થિત રહેવા અનુરોધ

વડિયા, તા. ૨૮

વડિયા કુંકાવાવ તાલુકા ભરના સમસ્ત ત્રીપાંખ સાધુ સમાજ દ્વારા વડિયા ખાતે ભવ્ય સ્નેહમિલન કાર્યક્રમ યોજવાનું નક્કી કર્યુ છે જેમાં વડિયા કુંકાવાવ તાલુકા ભરમાંથી ત્રીપાંખ સાધુ સમાજ મોટીસંખ્યામાં ઉપસ્થિત રહેશે. જેમાં સમસ્ત સાધુ સમાજ સર્વાંગી વિકાસ એકતા અને સાધુ સમાજ ની સંગઠન શકિતમાં વધારો સાથે શૈક્ષણિક તથા સામાજિક રીતે વિકાસનાં સારા હેતુ સર ત્રીપાંખ સાધુ સમાજ જ્ઞાતિજનોનું ભવ્ય સ્નેહમિલન કાર્યક્રમ યોજવામાં આવેલ છે. જેમાં તા. ૩૧/૧૨/૨૩ ને રવિવારે સવારે ૯ કલાકે સંતોનાં સામૈયા ૧૦ કલાકે ધર્મ સભા બાદમાં મહાપ્રસાદ સહિતનાં કાર્યક્રમો યોજાશે. સમગ્ર કાર્યક્રમ વડિયા લોહાણા મહાજન વાડી ભીમનાથ મહાદેવ રામજી મંદિર ખાતે રાખવામાં આવશે તો વડિયા કુંકાવાવ તાલુકા ભરના ત્રીપાંખ સાધુ સમાજને ઉપસ્થિત રહેવા પ્રમુખ બિ.કે. નિમાવત, પ્રમુખ રસિકગીરી એમ. ગોસાઈ, દિનેશભાઈ કાપડી દ્વારા જણાવવામાં આવ્યું છે.

## રાજુલા ખાતે કળશ યાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું



રાજુલા, તા. ૨૮

અયોધ્યામાં ભગવાન શ્રી રામના નવનિર્માણ પામી રહેલા ભવ્ય અને દિવ્ય મહા મંદિર તરફથી સમગ્ર દેશમાં ઘર ઘર અયોધ્યા અભિયાન આરંભાયું છે. આ અભિયાન અંતર્ગત શ્રી રામ જન્મભૂમિ અયોધ્યાથી આવેલી અયોધ્યા કળશ યાત્રાનું રાજુલાનાં બ્રાહ્મણ સોસાયટી ખાતે આવેલ બ્રહ્મેશ્વર મહાદેવ મંદિર ખાતે આગમન થયું હતું. સાંજના પાંચ કલાકે આ કળશ યાત્રાનું ધામધુમથી સોસાયટીનાં રહીશો તથા અહીના મહંત શ્રી સુરેશપરી મહારાજ તથા અહીનાં રહેવાસીઓ ધ્વારા સ્વાગત કર્યુ હતું અને આ કળશને બ્રહ્મેશ્વર મહાદેવ મંદિરમાં પધરાવીને મહા આરતી ધ્વારા પૂજન અર્ચના કરી હતી ને દીપમાળા કરવામાં આવી હતી. આમ આજના દિવસે શિવલિંગનું પૂજા અર્ચના કરવાનું મહત્વ હોવાથી સર્વ આ સોસાયટીના રહીશોએ અયોધ્યાથી આવેલ કળશ અને શિવલિંગનું પૂજન કરવા ભારે ભીડ જોવા મળી હતી.

## બાબાપુર નજીક નાગવાડીએ ૧લી જાન્યુઆરીએ સંતવાણી યોજાશે

અમરેલી, તા. ૨૮

અમરેલી તાલુકાનાં બાબાપુર ભંડારીયા પાસે ૧લી જાન્યુ.એ નાગવાડીએ સંતવાણી ભજન આયોજન કરેલ છે. ત્યારે ભકતજનોને પધારવા આમંત્રણ અપાયું છે.

## પાના ૮ ઉપરનું ચાલું જસાધાર રેન્જમાં વન્ય પ્રાણીઓનો

પાના ૮ ઉપરનું ચાલું

વ્યવહારથી ધમધમતા ગીરગઢડા ઉના રોડ ઉપર વન્ય પ્રાણીઓ અસલામત બન્યા હોય તેમ છાશવારે શિયાળનાં વાહન અકસ્માતે મોતનાં બનાવો બનવા પામેલ છે. અંદાજિત ત્રણ ચાર દિવસ પહેલા વવિયાળા તરફથી ગીર ગઢડા જતાં રોડ પર આવેલ પેટ્રોલ પંપ નજીક અજાણ્યા વાહન ચાલકે શિયાળને અડફેટે લેતા શિયાળનું મોત થયેલ. જે બાબતે વન વિભાગએ કોઈ કાર્યવાહી ન કરતા કે યોગ્ય નિકાલ ન કરતા શિયાળનું શબ રોડ ઉપર ફુલીને દડા જેવું બની જવા પામેલ છે. શિયાળનાં માર્ગ અકસ્માતની આ વિસ્તારમાં અવાર નવાર મોતની ઘટનાઓ બનતા આ વિસ્તાર શિયાળની કબર બનતો હોય શિયાળનાં અવાર નવાર મોતનાં બનાવોની જાગૃત નાગરિકો અને પર્યાવરણ પ્રેમીઓ દ્વારા વન વિભાગને જાણ કરાતી હોવા છતાં વન વિભાગનો ટોપથી બોટમ કર્મચારીઓ અધિકારીઓ ઘોર નિંદ્રામાંથી જાગતા નથી એસી ઓફિસમાં બેસતા બાબુઓ વન્ય પ્રાણી અને વનનાં રક્ષણનો પગાર લેતા હોવા છતાં વન્ય પ્રાણીઓની દરકાર લેતા ન હોય ત્યારે લાયન નેચર ફાઉન્ડેશનનાં ભીખુભાઈ બાટાવાળાએ આ બાબતે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરી છે કે જો વન વિભાગ કુંભકર્ણની ભૂમિકા છોડી વન અને વન્ય પ્રાણી બાબતે સતર્કતા નહી દાખવે તો આગામી દિવસોમાં પ્રકૃતિ પર્યાવરણ પ્રેમીઓ દ્વારા ગાંધી ચિંધ્યા રાહે આંદોલનની ચીમકી ઉચ્ચારી છે.

## અવસાન નોંધ

**અમરેલી :** અમરેલી નિવાસી હાલ ગાંધીનગર ઔદિચ્ય ઝાલાવાડી બ્રાહ્મણ સુરેશભાઈ પ્રભુદાસભાઈ જોષી(ઉ.વ. ૭૪) તે વિવેકભાઈનાં પિતાનું અવસાન થયેલ છે. તેમનું બેસણું તારીખ ૨૯/૧૨ શુક્રવાર સાંજે ૪ થી ૬ ગાંધીનગર નિવાસ સ્થાને રાખેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૫૫ | ૧૩૮૦ |
| ૨ | શિંગ મોટી | ૯૫૦ | ૧૫૦૭ |
| ૩ | શિંગદાણા | ૧૨૭૦ | ૧૬૧૧ |
| ૪ | તલ સફેદ | ૧૯૩૦ | ૩૩૦૦ |
| ૫ | તલ કાળા | ૨૫૦૦ | ૩૨૯૧ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૫૭૫ | ૪૧૮૫ |
| ૭ | બાજરો | ૪૨૧ | ૫૨૫ |
| ૮ | જુવાર | ૫૩૧ | ૧૧૫૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૮૨ | ૫૮૪ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૯૧ |
| ૧૧ | મકાઈ | ૩૦૦ | ૪૯૪ |
| ૧૨ | મગ | ૧૬૦૧ | ૧૬૨૫ |
| ૧૩ | અડદ | ૧૦૭૦ | ૨૦૧૦ |
| ૧૪ | ચણા | ૮૨૫ | ૧૦૮૦ |
| ૧૫ | તુવેર | ૧૧૦૦ | ૨૦૭૭ |
| ૧૬ | મઠ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૭ | કપાસ | ૧૦૯૦ | ૧૪૬૧ |
| ૧૮ | એરંડા | ૧૧૦૮ | ૧૧૧૦ |
| ૧૯ | ધાણા | ૯૫૦ | ૧૪૦૦ |
| ૨૦ | અજમા | ૨૫૦૦ | ૨૮૦૦ |
| ૨૧ | મેથી | ૧૦૮૫ | ૧૨૦૩ |
| ૨૨ | સોયાબીન | ૭૭૭ | ૯૨૯ |
| ૨૩ | મરચા લાંબા | ૧૦૧૦ | ૩૫૫૦ |
| ૨૪ | સુર્યમુખી | ૬૪૦ | ૬૪૦ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૯૫ | ૧૪૭૪ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૩૮ | ૧૪૬૫ |
| ૨ | ચણા | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૩ | ઘઉં | ૪૦૦ | ૪૫૮ |
| ૪ | સોયાબીન | ૮૨૫ | ૮૨૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મઠડી | ૧૨૦૦ | ૧૩૪૧ |
| ૨ | શીંગ મોટી | ૧૨૫૧ | ૧૪૪૧ |
| ૩ | તલ સફેદ | ૨૫૦૦ | ૩૨૮૦ |
| ૪ | તલ કાળા | ૨૬૦૦ | ૩૩૧૦ |
| ૫ | કપાસ | ૧૨૭૦ | ૧૪૬૫ |
| ૬ | ઘઉં લોકવન | ૪૭૫ | ૫૮૨ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૧૫ | ૬૨૬ |
| ૮ | બાજરો | ૪૨૫ | ૫૦૮ |
| ૯ | મગ | ૧૯૦૦ | ૨૪૭૦ |
| ૧૦ | ચણા | ૮૫૦ | ૧૦૫૧ |
| ૧૧ | તુવેર | ૧૫૫૧ | ૧૮૯૧ |
| ૧૨ | ધાણા | ૧૩૩૦ | – |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૪૦ | ૧૪૬૬ |
| ૨ | મગફળી | ૧૦૫૬ | ૧૩૫૧ |
| ૩ | ઘઉં | ૪૧૧ | ૫૪૦ |
| ૪ | ચણા | ૯૦૦ | ૧૦૨૫ |
| ૫ | મગ | ૧૫૦૫ | ૧૫૦૫ |
| ૬ | ધાણા | ૧૧૭૫ | ૧૨૭૦ |
| ૭ | સોયાબીન | ૮૭૫ | ૯૦૦ |
| ૮ | શીંગદાણા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૯ | અડદ | ૧૬૮૦ | ૧૬૮૦ |
| ૧૦ | તુવેર | ૧૭૦૧ | ૧૭૦૧ |
| ૧૧ | તલ | ૨૫૦૦ | ૩૩૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૪૫૧ |
| ૨ | ચણા | ૯૬૯ | ૧૧૨૨ |
| ૩ | તુવેર | ૧૦૬૫ | ૧૦૬૫ |
| ૪ | સોયાબીન | ૭૫૦ | ૯૦૨ |
| ૫ | તલ સફેદ | ૨૦૫૦ | ૨૭૭૫ |
| ૬ | મગફળી | ૧૧૩૬ | ૧૨૧૧ |
| ૭ | અડદ | ૧૭૨૫ | ૧૮૩૦ |
| ૮ | ઘઉં લોકવન | ૪૮૫ | ૫૪૭ |
| ૯ | મગ | ૧૪૫૦ | ૧૪૫૦ |
| ૧૦ | શીંગદાણા | ૧૩૯૫ | ૧૩૯૫ |
| ૧૧ | રાય | ૧૦૬૦ | ૧૧૦૦ |
| ૧૨ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૬૭ |
| ૧૩ | ધાણા | ૧૧૦૦ | ૧૩૮૦ |
| ૧૪ | લસણ | ૨૪૫૦ | ૨૪૫૦ |
| ૧૫ | ચણા સફેદ | ૯૩૫ | ૯૩૫ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૧૫૦ | ૧૫૦૫ |
| ૨ | મગફળી | ૧૨૪૮ | ૧૩૫૨ |
| ૩ | તલ સફેદ | ૨૫૮૫ | ૩૦૨૫ |
| ૪ | ઘઉં | ૪૮૮ | ૫૨૨ |
| ૫ | ચણા | ૯૧૦ | ૧૧૭૦ |
| ૬ | સોયાબીન | ૮૩૫ | ૮૭૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ૨ | તલ સફેદ | ૨૭૦૦ | ૩૩૦૧ |
| ૩ | તલ પીળા | ૪૦૩૬ | ૪૦૭૫ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૪૨૬ |
| ૫ | બાજરો | ૪૬૦ | ૫૦૫ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૪૪ | ૬૩૫ |
| ૭ | જુવાર | ૭૦૦ | ૧૧૧૧ |
| ૮ | દેશી બાજરો | ૧૧૫૧ | ૧૧૫૧ |
| ૯ | મગ | ૨૨૫૧ | ૨૩૧૧ |
| ૧૦ | મઠ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ૧૧ | અડદ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૨ | તુવેર | ૧૨૫૦ | ૧૮૫૧ |
| ૧૩ | ચણા | ૬૦૦ | ૮૦૦ |
| ૧૪ | ધાણા | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ૧૫ | મેથી | ૯૨૫ | ૧૩૨૫ |
| ૧૬ | રાજગરો | ૨૨૫૧ | ૨૨૫૧ |
| ૧૭ | સોયાબીન | ૮૦૦ | ૮૮૧ |

# અમરેલી જિલ્લામાં 'યુવા મતદાન' મહોત્સવ અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા














અમરેલી જિલ્લામાં મતદાતા જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવે છે. જિલ્લાનાં ધારી–બગસરા વિધાનસભા વિસ્તારનાં બગસરા સ્થિત જનતા કન્યા વિદ્યાલય ખાતે વિદ્યાર્થીનીઓ દ્વારા યુવા મતદાન મહોત્સવ સંદર્ભે પોસ્ટર અને સ્લોગન સ્પર્ધાનું આયોજન કરી ચુંટણી પ્રક્રિયા અને મતદાનના મહત્વ વિશે માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યા હતા. અમરેલી શહેરનાં સિનિયર સિટિઝન પાર્ક ખાતે યોજાયોલા વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમમાં ચુંટણી તંત્ર દ્વારા સ્ટોલ રાખી મતદારયાદી SVEEP કામગીરી અંતર્ગત મતદારોને ઉપયોગી અને જરૂરી માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યા હતા. નાના આંકડીયા ખાતે ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી. જાફરાબાદ–રાજુલા વિસ્તારમાં આવેલા બાબરકોટ સ્થિત સરકારી માધ્યમિક શાળા ખાતે યુવા મતદાર મહોત્સવ નિમિતે વિવિધ કાર્યક્રમો તથા સ્પર્ધાનું આયોજન કરી મતદાનનાં મહત્વ વિશે જણાવવામાં આવ્યું.

### કમુરતામાં પુત્રવધુઓના હસ્તે ખરીદી

## સા.કુંડલા પૂજય મોરારીબાપૂએ ખુમાણ પરિવાર દ્વારા અપાયેલ ત્રણેય પ્રેરણાત્મક બાબતે રાજીપો વ્યકત કરી વોલ્વો કારમાં પધરામણી કરી

### રૂપિયા ૭૫ લાખ જેવી માતબર કિંમતની કાર ખરીદી

સાવરકુંડલા, તા. ૨૮

સાવરકુંડલાના ખુમાણ પરિવાર દ્વારા સંપૂર્ણ ઈલેક્ટ્રિક કાર વોલ્વો સી૪૦ મહુવા તાલુકાના તલગાજરડા મુકામે ચિત્રકૂટ ધામ ખાતે પૂજય મોરારીબાપુના હસ્તે પવિત્ર પૂજન અર્થે લઈ જવામાં આવેલ, પૂ બાપુએ પોતે આ કારમાં બિરાજમાન થઈ પધરામણી કરી હતી અને ચિત્રકૂટધામ આશ્રમથી પોતાના નિવાસસ્થાન સુધી સફર કરી હતી.

ખુમાણ પરિવારના પ્રતાપભાઈ ખુમાણ પાસેથી પૂજય બાપુએ જાણ્યું હતું કે, અમરેલી, ભાવનગર, જૂનાગઢ સહિતના જિલ્લાઓમાં સંપૂર્ણ ઈલેક્ટ્રીક ઓટોમેટિક વોલ્વો સી૪૦ સૌ પ્રથમ કાર છે અને સૌરાષ્ટ્રમાં આ પ્રકારની ત્રીજી છે. આ ઉપરાંત હાલ કમુરતા ચાલતા હોવાથી કોઈ ખરીદી ન કરાય તેવી માન્યતા નું ખંડન કરીને ૭૫ લાખ જેવી કિંમતની કાર ખુમાણ દ્વારા ખરીદવામાં આવી અને આ કાર પણ પોતાના ઘરપરિવારની ત્રણ ગ્રહલક્ષ્મી એટલે કે પુત્રવધુઓના હસ્તે કારની ચાવી





સ્વીકારી, સમગ્ર સમાજને એક સારો સંદેશો પણ આપ્યો પૂજય મોરારીબાપુએ આ બાબતો વિશે જાણી ખૂબ જ રાજીપો વ્યકત કર્યો હતો.

## ચલાલા ખાતે બાપા સીતારામની મઢુલીએ પક્ષીઘર બનાવાયું

ચલાલા, તા. ૨૮

અંશાવતાર દાન મહારાજની પાવન ભુમીમાં મહાદેવ પરા વિસ્તારમાં બાપા સીતારામની મઢુલીએ વગર જોળીનાં ભીક્ષુક એવા પક્ષીઓનાં કાયમી સદાવ્રત એટલે ચબુતરો તથા અનેક પક્ષીઓનાં કાયમી વસવાટ માટે અદ્યતન પક્ષીઘર તથા મુંગા પશુઓને કાયમી શિતળ જળનાં પરબ માટે અવેડી તથા ચણ માટેનાં રૂમ સહિતનો આકાર પામતો અનેકવિધ સુવિધા યુકત રામ ચબુતરો




દાતાઓનાં સંપૂર્ણ સહકારથી આકાર લઈ રહ્યો છે.

## ચલાલા ખાતે ભાજપ દ્વારા સ્વ. અટલ વાજપેઈને શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ





ચલાલા, તા. ૨૮

ચલાલા શહેર ભાજપ દ્વારા ભારતીય રાજનીતિના યુગપુરૂષ, અસંખ્ય ભાજપા કાર્યકર્તાઓના પથ પ્રદર્શક અને આપણા પ્રેરણાસ્ત્રોત, પૂર્વ પ્રધાનમંત્રી ભારત રત્નશ્રદ્ધેય અટલ બિહારી વાજપેયીની જન્મજયંતી પર પુષ્પાંજલિ અર્પણ કરી અને તેમના જીવન ચરિત્ર વિશે ચર્ચાઓ કરવામાં આવી હતી તેમજ તેમને લખેલી કવિતાઓનું પણ પઠન કરવામાં આવ્યું હતું.

આ તકે ચલાલા શહેર ભાજપ પ્રમુખ પ્રવીણભાઈ માલવીયા, પ્રકાશભાઈ કારીયા, હિંમતભાઈ દોંગા, ભઈલુભાઈ વાળા, મનસુખભાઈ ગેડિયા, બાલા બાપુ દેવમુરારી, શૈલેષભાઈ ઉનાગર, અવિરતભાઈ માલા, પ્રદીપભાઈ હિરપરા, મનોજભાઈ બકસરિયા, ચંપુભાઈ ધાધલ, વનરાજભાઈ જેબલિયા, હિરેનભાઈ માલવયા, ભરતભાઈ સોલંકી, કેતનભાઈ સરવૈયા, દાદભાઈ વાળા, ચતુરભાઈ માળવિયા, હિતેશભાઈ કાકડીયા, નીતિનભાઈ વાળા, સી.ડી. વાળા, વિપુલભાઈ બગડા, ધીરૂભાઈ સોડિંગલા સહિતના ભાજપ કાર્યકર્તા, નગરપાલિકા સભ્યો, સંગઠન સભ્યો યુવા ભાજપ, વિવિધ મોરચાઓ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યાં. તેમ પત્રકાર ચિરાગ માલવીયાની યાદીમાં જણાવેલ છે.

### યુવા મોરચાના ઉપાધ્યક્ષ મનીષ સંઘાણીના અધ્યક્ષ સ્થાને

## અમરેલી જિલ્લા મધ્યસ્થ બેંક લી. દ્વારા મોટા મુંઝીયાસર ખાતે નાણાકીય સાક્ષરતા શિબિર યોજાઈ

અમરેલી, તા. ૨૮

મોટા મુઝીયાંસર ખાતે રાષ્ટ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક અને અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. દ્વારા અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ અને ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ મનીષ સંઘાણીની અધ્યક્ષતામાં નાણાકીય સાક્ષરતા શિબિરનું આયોજન કરવામાં આવેલ હતું.

જેમાં અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક દ્વારા ચલાવવામાં આવતી વિવિધ યોજનાઓ વિશે માહિતી આપવામાં આવી હતી. જયારે અધ્યક્ષ સ્થાનેથી



યુવા નેતા મનીષ સંઘાણી દ્વારા ડીઝીટલ યુગના કદમ સાથે કદમ મિલાવવા માટે વધુ ડીઝીટલ ટ્રાજેક્શન કરવામાં આવે અને નવી પેઢી / યુવાઓ આગળ વધી અને સરકારના આ ભગીરથ કાર્યમાં ખંભે ખંભો મિલાવી આગળ આવવા માટે આહવાન કર્યુ હતું.

## રાજુલાનાં ભચાદર ગામે પિપાવાવ પોર્ટનાં સહયોગથી જળ સંરક્ષણની શિબિર યોજાઈ

રાજુલા, તા. ૨૮

ભચાદર ગામમાં તા.૨૭ અને ૨૮ ડીસેમ્બર ૨૦૨૩ બે દિવસ ગુજરાત પીપાવાવ પોર્ટ લિમિટેડનાં સહયોગથી અને સી.એસ.પી. સી સંસ્થા દ્વારા જળ વ્યવસ્થાપન થકી જળ સંરક્ષણની ગ્રામ્ય સ્તરીય કાર્ય શિબિર રાજુલા તાલુકાનાં ભચાદર ગામમાં યોજાઈ હતી, આ કાર્યક્રમમાં પશુપાલન,ખેતી, ઘરવપરાશ વગેરેમાં જેટલું પાણી વપરાય છે તેની સામે ગામમાં વરસાદનું પાણી આવે છે તેમજ પાણીની આવક સામે જાવકનું સરવૈયું બનાવવામાં આવેલ ખેડૂત ભાઈઓને ખેતીના પાકોમાં પાણી બચાવી શકાય તેવી પદ્ધતિ, ડ્રીપ, ટપક, લેજર પિયત, મોસ્યાર મીટરનો ઉપયોગ તેમજ એક પાટલે પિયત પદ્ધતિ અપનાવે તેમજ જે જે પાકોમાં પાણીની ઓછી જરૂરિયાત જણાય તેવા પાકોનું વાવેતર કરવું વગેરે બાબતો વિશેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. તેમેજ ઓર્ગેનિક ખેતી તરફ લોકો આગળ વધે અને પોતાનું અને જમીનનું સ્વાસ્થ્ય સુધારવા માટે ખેડૂત ભાઈઓને માહિતી આપેલ. આ કાર્ય શિબિરમાં બહોળી સંખ્યામાં ભચાદર ગામના જાગૃત નાગરિકો, મહિલાઓ તેમજ ભચાદર ગામના સરપંચ અને પંચાયતના સભ્યો ઉપસ્થિત રહી બે દિવસ સારો સહકાર આપ્યો. રાજુલા સી.એસ.પી.સી. સંસ્થાનાં કલસ્ટર મેનેજર અનુરાગ ચતુર્વેદીનાં માર્ગદર્શન અને ગામના લોકો સાથે બે દિવસ રહીને સંસ્થાના પ્રતિનિધિઓ જયેશ મારૂ, મનોજ મોરી, શાંતિલાલ પરમાર, જશુભાઈ બોરીચા, વિપુલભાઈ ધાખડા, ખોડુભાઈ ધાખડા અને સાદુલભાઈ રામ, પારૂલબેન વાણીયા અને દેવાણી ધ્રુવીશાબેન તેમજ સીએસપીસી સંસ્થાનાં કર્મચારી દ્વારા આ કાર્યક્રમ ને સફળ બનાવેલ.

### જુનાગઢ વિભાગના નિયામક ધ્યાન આપે તે જરૂરી

## લ્યો બોલો : જાફરાબાદ–વેરાવળ વચ્ચે દોડતી એસ.ટી.બસ બંધ થઈ

### બન્ને લોકલ બસ શરૂ ન થાય તો આંદોલનની ચીમકી

જાફરાબાદ, તા.૨૮

જાફરાબાદ વેરાવળ વચ્ચે લોકલ એસ.ટી.બસ ઘણા સમયથી ચાલતી હતી. આ બસમાં ગ્રામ્ય જનતા તેમજ જાફરાબાદની જનતાને જાફરાબાદથી વેરાવળ જવા માટે ખુબ અનુકુળ હતી. યાદ આપવું જરૂરી છે કે વેરાવળ જાફરાબાદ વચ્ચે બે એસ.ટી.બસ ચાલતી હતી.

આ બન્ને બસોને કોઈ અકળ કારણોસર મુસાફર જનતાની પરાવાહ કર્યા વિના ઘણા સમયથી બંધ કરી દેવામાં આવી છે. અને મુસાફર જનતાની સુવિધા છિનવી લેવામાં આવી છે.જેથી કરીને મુસાફર જનતામાં ઉગ્ર રોષ જોવા મળી રહયો છે. આ બાબતે અવાર–નવાર વેરાવળ ડેપો મેનેજરને તેમજ જુનાગઢ વિભાગીય નિયામક મુલાણીને ટેલીફોનીક રજુઆત સિટીઝન ફોરમ ઓન હ્યુમન રાઈટસ તેમજ સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી કરવામાં આવેલ હોવા છતાં એસ.ટી.તંત્ર ધ્યાન ઉપર લેતું



તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

નથી. જાફરાબાદ માચ્છીમારીનું કેન્દ્ર છે. આ એક મેજર પોર્ટ છે. અહીંના માચ્છીમારો મત્સ્યોદ્યોગ વેરાવળ સોથ સંકળાયેલા છો. જાફરાબાદા ખાતે મોટી મોટી કંપનીઓ જેવી કે નર્મદા સિમેન્ટ કંપની, અલ્ટ્રાટેક સિમેન્ટ કંપની, સ્વાન કંપની, સિન્ટ્રેક કંપની, જેવા ઉદ્યોગો ધમધમે છે. તેઓને પણ આ બસ ઉપયોગી હતી તેમજ ગ્રામ્યા વિસ્તારનાં વિદ્યાર્થીઓ માટે તેમજ લોકો માટે આ બસ ઉપયોગી હતી પરંતુ એસ.ટી. તંત્ર દ્વારા પોતાનાં મનસ્વી નિર્ણય કરીને આ બસની સુવિધા ઝુંટવી લેવામાં આવી છે. તે અત્યંત ગંભીર ગુનાહિત બાબત છે. માટો આ વેરાવળ જાફરાબાદ લોકલ બસને પુનઃ ચાલુ કરવામાં નહી આવે તો સત્યાગ્રહ તથા આંદોલન કરવાની ચીમકી આપવામાં આવી છે.

# અમરેલી ખાતે ભાજપ આગેવાનોની ઉપસ્થિતિમાં "સેવાસંઘ" દ્વારા વિશ્વકર્મા કેમ્પ યોજાયો











અમરેલી શ્યામ વાડી ખાતે સેવા સંઘ પ્રમુખ સુરેશભાઈ સોલંકીના અધ્યક્ષ સ્થાને ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ સંચાલિત સેવા સંઘ દ્વારા સ્નેહમિલનનું આયોજન રાખવામાં આવ્યું. જેમાં શહેર ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ તેમજ સેવા સંઘ મંડળના ઉપપ્રમુખ કિશોરભાઈ આજુગીયાની મહેનતથી પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજનાનો કેમ્પ લગાવવામાં આવ્યો. જેમાં ૫૦થી વધુ લાભાર્થીઓએ સ્થળ ઉપર જ લાભ લીધો, જેમાં ઉપસ્થિત મયુરભાઈ માંજરીયા, મેહુલભાઈ ધોરાજીયા, રાજુભાઈ ભુતૈયા પ્રમુખ, હરેશભાઈ ટાંક, નાથુભાઈ ધાધલ તેમજ અમરેલી કડિયા સમાજના આગેવાનો મનસુખભાઈ ચૌહાણ, જેન્તીભાઈ મનાણી, ભીખુભાઈ ટાંક, સી.કે. ટાંક તેમજ શ્યામ યુવક મંડળના ઉપપ્રમુખ હરેશભાઈ એચ ટાંક કેળવણી મંડળ ના હોદ્દેદારો મહિલા મંડળના બહેનો વિશ્વકર્મા કારીગર મંડળના આગેવાનો સેવા સંઘના પ્રમુખ સુરેશભાઈ સોલંકી દ્વારા સેવા સંઘની પ્રવૃત્તિઓ સેવા કાર્યો થતા હોય એની માહિતી આપી તેમજ સેવા સંઘની આખી ટીમે ખભો મિલાવીને મહેનત કરી આ કાર્યક્રમને દિપાવ્યો.

# અમરેલીનાં સા.કુંડલા માર્ગ પરની ઘટના લ્યો બોલો : શાકમાં જીરૂ નાખવા બાબતે પતિએ પત્નીને ઢીકાપાટુથી માર માર્યો

અમરેલી, તા. ૨૮

અમરેલીમાં સાવરકુંડલા રોડ ઉપર રેલવે ફાટક પાસે રહેતા ભારતીબેન પ્રશાંતભાઈ જોગદીયાએ ચાર વર્ષ પહેલા સામાવાળા પ્રશાંતભાઈ કિશોરભાઈ જોગદીયા સાથે લવ મેરેજ કરેલ હોય અને સામાવાળા જેથી બન્ને પતિ–પત્નિ હોય ત્યારે ગત તા. ૨૬/૧૨નાં રોજ શાકમાં જીરું નાખવા બાબતે બોલાચાલી થતાં પતિએ પોતાની પત્નિને જેમ ફાવે તેમ ગાળો આપી, ઢીકાપાટુથી માર મારી ઈજા કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

# સા.કુંડલા : મોટા ભમોદ્રામાં જુગાર રમતાં ૬ પત્તાપ્રેમીઓ ઝડપાયા

અમરેલી, તા. ૨૮

સાવરકુંડલા તાલુકાનાં મોટા ભમોદ્રા ગામે રહેતા અજયભાઈ કેશુભાઈ વિંછિંયા, દેવેન્દ્રભાઈ ઉર્ફે ઘુઘાભાઈ જીલુભાઈ ખુમાણ સહિત છ ઈસમો ગત તા. ૨૭/૧૨ નાં રોજ મોટા ભમોદ્રા ગામે જાહેરમાં તીનપત્તીનો હારજીતનો જુગાર રમતા હોય સ્થાનિક પોલીસે દરોડો પાડી રોકડ રકમ રૂપિયા ૫૩,૧૯૦ તથા અલગ અલગ રંગીન ટોકન નંગ–૩૦ મળી કુલ રૂા. ૫૩,૧૯૦ નાં મુદ્દામાલ સાથે રેઈડ દરમ્યાન ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે.

# વન વિભાગની ઘોર બેદરકારીનાં કારણે જસાધાર રેન્જમાં વન્ય પ્રાણીઓનો માર્ગ અકસ્માતમાં લેવાતો ભોગ

## વન્યપ્રાણીઓની સુરક્ષા નિશ્ચિત ન થાય તો આંદોલનની ચીમકી


તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૨૮

વન વિભાગમાં ભરચક સ્ટાફ હોવા છતાં ફોરેસ્ટરો દ્વારા પોતાના બીટમાં નિયમિત પણે રાઉન્ડ ધ કલોક રાઉન્ડ મારવા ફરજિયાત હોવા છતાં ગીર પૂર્વનાં જસાધાર રેન્જમાં ગીરગઢડા નીચેના ગામોમાં રાઉન્ડ ફોરેસ્ટરો નિયમિતપણે અનિયમિત રાઉન્ડ મારતા હોવાના કારણે વાહન

અનુસંધાન પાના ૬ ઉપર


હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે

મેડીકલ ઓફીસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
પગાર ધોરણ : ૧૩,૫૦૦/- થી ૧૬,૦૦૦/-
લેડીઝ પર્સન : દિવસ માટે (Day shift)
જેન્ટસ પર્સન : રાત્રી માટે (Night shift)

રિસેપ્સનિસ્ટ - ૧
કમ્પ્યુટર/૧૨ પાસ
પગાર ધોરણ : ૭,૦૦૦/- થી ૮,૦૦૦/-

મેડીકલ સ્ટોર
જેન્ટ્સ પર્સન : દિવસ માટે (Day shift)

ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહીં

નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.














*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)